


PRGI No. GUJGUJ/2016/70752

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

PUBLISHED GUJARATI DAILY FROM AHMEDABAD

Volume : 10
Issue : 198
Dt.: 24-05-2026,
Sunday
Page:04
Rs.00.50 paisa


### વિદેશ મંત્રી બન્યા બાદ માર્કો રૂબિયોનો આ પ્રથમ ભારત પ્રવાસ

# પીએમ મોદી અને અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રૂબિયો વચ્ચે બેઠક થઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ફેબ્રુઆરી ૨૦૨૫માં પીએમ મોદી અને ડોનાલ્ડ ટ્રમ્પની મુલાકાત બાદ આ પ્રથમ ઉચ્ચ સ્તરીય બેઠક; સુરક્ષા, વેપાર અને ક્રિટિકલ ટેકનોલોજી પર થઈ વ્યાપક ચર્ચા થઈ હતી.

અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રૂબિયો ભારતના પ્રવાસે નવી દિલ્હી આવી પહોંચ્યા છે, જ્યાં તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે એક અત્યંત મહત્વપૂર્ણ બેઠક કરી હતી. વિદેશ મંત્રી બન્યા બાદ માર્કો રૂબિયોનો આ પ્રથમ ભારત પ્રવાસ છે. આગામી ૨૬ તારીખે યોજાનારી ક્વાડ (Quad) દેશોના વિદેશ મંત્રીઓની બેઠક પહેલાં યોજાયેલી આ દ્વિપક્ષીય મુલાકાતને ભારત-અમેરિકાના વ્યૂહાત્મક સંબંધો માટે ખૂબ જ મહત્વની માનવામાં આવી રહી છે. સુરક્ષા, વેપાર, ક્રિટિકલ ટેકનોલોજી અને ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં સહયોગ જેવા મહત્વના મુદ્દાઓ પર વિગતવાર મંથન થયું હતું. આ બેઠક દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સત્તાવાર રીતે અમેરિકા આવવાનું આમંત્રણ આપવામાં આવ્યું છે. બેઠકમાં ભારતીય પક્ષ તરફથી વિદેશ મંત્રી એસ. જયશંકર અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (NSA) અજિત ડોભાલ પણ હાજર રહ્યા હતા. દિલ્હી બાદ યુએસ વિદેશ મંત્રી જયપુર, આગ્રા અને કોલકાતાની પણ મુલાકાત લેશે.

અમેરિકી વિદેશ મંત્રી સાથેની મુલાકાત બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર પોસ્ટ કરીને આ બેઠક અંગે ખુશી વ્યક્ત કરી હતી. તેમણે લખ્યું કે, "ભારત અને અમેરિકા દુનિયાની ભલાઈ માટે આગળ પણ સાથે મળીને કામ કરતા રહેશે."

આશરે એક કલાક સુધી ચાલેલી આ હાઈ-પ્રોફાઈલ બેઠકમાં મુખ્યત્વે અનેક મુદ્દાઓ પર સહમતી અને રણનીતિ ઘડવામાં આવી હતી. જેમાં મુખ્યત્વે બંને દેશો વચ્ચેના સંરક્ષણ સંબંધોને વધુ મજબૂત કરવા અને દ્વિપક્ષીય વેપારને નવી ગતિ આપવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. ભવિષ્યની નવી અને આધુનિક ટેકનોલોજીના ક્ષેત્રમાં પરસ્પર સહયોગ વધારવા અંગે ચર્ચા થઈ હતી. હિંદ-પ્રશાંત ક્ષેત્રમાં દરિયાઈ માર્ગોની સ્વતંત્રતા અને સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે બંને દેશોના નૌકાદળ અને વ્યૂહાત્મક સહયોગને વધારવા પર વાત થઈ.

અમેરિકી વિદેશ મંત્રીનો આ પ્રવાસ માત્ર દિલ્હી પૂરતો સીમિત નથી, પરંતુ તેઓ ભારતના અન્ય સાંસ્કૃતિક અને આર્થિક કેન્દ્રોની પણ મુલાકાત લેવાના છે. પીએમ મોદી સાથે મુલાકાત અને રવિવારે દ્વિપક્ષીય વાર્તાનો બીજો રાઉન્ડ. ત્યાર બાદ જયપુર અને આગ્રાની વિવિધ સંસ્થાઓ અને પ્રતિનિધિઓ સાથે મુલાકાત. કોલકાતામાં પ્રવાસના ભાગરૂપે પૂર્વ ભારતના આ મુખ્ય શહેરની મુલાકાત. ૨૬ મે (ક્વાડ બેઠક)માં ક્વાડ દેશોના વિદેશ મંત્રીઓની પરિષદમાં ભાગ લેશે, જ્યાં વૈશ્વિક અને પ્રાદેશિક સુરક્ષા પર મોટી ચર્ચા શક્ય છે. ટ્રમ્પ પ્રશાસન દ્વારા માર્કો રૂબિયોને ભારત મોકલવા અને પીએમ મોદીને વોશિંગ્ટનનું આમંત્રણ આપવું એ દર્શાવે છે કે બદલાતા વૈશ્વિક સમીકરણો વચ્ચે અમેરિકા ભારત સાથેની દોસ્તીને ટોચની પ્રાથમિકતા આપી રહ્યું છે.

## મોંઘવારીનો માર: ૧૦ દિવસમાં ત્રીજી વખત વધ્યા પેટ્રોલ-ડીઝલના ભાવ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી



મિડલ-ઈસ્ટ (મધ્ય-પૂર્વ) માં ચાલી રહેલા આંતરરાષ્ટ્રીય તણાવની સીધી અસર હવે ભારતના સામાન્ય નાગરિકોના ખિસ્સા પર પડી રહી છે. દેશમાં પેટ્રોલ અને ડીઝલની કિંમતોમાં સતત વધારો થઈ રહ્યો છે. શનિવારે ફરી એકવાર પેટ્રોલના ભાવમાં ૮૭ પૈસા પ્રતિ લીટર અને ડીઝલના ભાવમાં ૯૧ પૈસા પ્રતિ લીટરનો ઝીંકાયો છે. સામાન્ય જનતા માટે ચિંતાની વાત એ છે કે છેલ્લા ૧૦ દિવસની અંદર આ ત્રીજી વખત છે જ્યારે ઈંધણના ભાવમાં વધારો કરવામાં આવ્યો છે. આ વધારા સાથે મે મહિનામાં અત્યાર સુધીમાં પેટ્રોલ અને ડીઝલ અંદાજે ૫ રૂપિયા જેટલા મોંઘા થઈ ચૂક્યા છે.આ અગાઉ ૧૫ મેના રોજ પેટ્રોલ અને ડીઝલની કિંમતોમાં એકસાથે ૩-૩ રૂપિયાનો મોટો વધારો કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ૧૯ મેના રોજ ફરી પેટ્રોલ ૮૭ પૈસા અને ડીઝલ ૯૧ પૈસા મોંઘું થયું હતું. હવે શનિવારના વધારા બાદ દેશની રાજધાની દિલ્હીમાં પેટ્રોલની કિંમત ૮૭ પૈસા વધીને ૯૮.૬૪ થી વધીને ૯૯.૫૧ પ્રતિ લીટર થઈ ગઈ છે. જ્યારે ડીઝલની કિંમત ૯૧ પૈસા વધીને ૯૧.૫૮ થી ૯૨.૪૯ પ્રતિ લીટર પર પહોંચી ગઈ છે.દેશમાં ઈંધણની વધતી કિંમતો અને સપ્લાયને લઈને સોશિયલ મીડિયા પર ચાલી રહેલી અટકળો વચ્ચે કેન્દ્રીય પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ મંત્રાલયે જનતાને આશ્વાસન આપ્યું છે. મંત્રાલયે સત્તાવાર નિવેદનમાં જણાવ્યું છે કે, ''સમગ્ર દેશમાં પેટ્રોલ અને ડીઝલની પૂરતી ઉપલબ્ધતા છે અને સપ્લાય ચેઈન સંપૂર્ણપણે સ્થિર છે. અમે તમામ નાગરિકોને અપીલ કરીએ છીએ કે તેઓ કોઈ પણ પ્રકારની અફવાઓ પર ધ્યાન ન આપે અને જરૂરિયાત મુજબ જ ઈંધણ ખરીદે, પૅનિક બાઈંગ (ગભરાટમાં આવીને વધુ ખરીદી કરવી) થી બચે.''મંત્રાલયે વધુમાં ઉમેર્યું હતું કે, કેટલાક પસંદગીના પેટ્રોલ પંપો પર જે કામચલાઉ ભીડ કે દબાણ જોવા મળી રહ્યું છે તેને વહેલી તકે દૂર કરવામાં આવી રહ્યું છે. ઓઈલ માર્કેટિંગ કંપનીઓ (સ્ઝ્રજ) સતત સપ્લાય પર નજર રાખી રહી છે અને પરસ્પર તાલમેલ સાથે તેલનું વિતરણ સુનિશ્ચિત કરી રહી છે.

### બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા અને સાંસદે પણ કર્યો બચાવ

## કોકરોચ જનતા પાર્ટી પર ભડકી ભાજપ! NIA તપાસની માંગ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સોશિયલ મીડિયા પર ભારે ચર્ચા જગાવનાર કોકરોચ જનતા પાર્ટી (CJP) કેમ્પેઈન હવે દેશના રાજકારણમાં એક મોટો વિવાદ બની ગયું છે. ભાજપે આ વ્યંગાત્મક સોશિયલ મીડિયા અભિયાનને ભારતને અસ્થિર કરવા માટેનું ક્રોસ-બોર્ડર ઈન્ફ્લુઅન્સ ઓપરેશન ગણાવ્યું છે. કેરળ ભાજપના પ્રમુખ રાજીવ ચંદ્રશેખરે આ મામલે નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (NIA) દ્વારા તપાસ કરવાની માંગ કરી છે.

કોકરોચ જનતા પાર્ટી (CJP) નામના ઈન્સ્ટાગ્રામ પેજ પર ૨.૧૯ કરોડથી વધુ ફોલોઅર્સ થઈ ચૂક્યા છે. પીએમ નરેન્દ્ર મોદીની સરકાર અને ભારતની પ્રગતિને રોકવા માટે આ એક આયોજિત ટૂલ છે, જેમાં દેશના વિપક્ષી નેતાઓ પણ સામેલ છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો દુરુપયોગ કરીને સોશિયલ મીડિયા, બોટ્સ અને AI ના હથિયાર તરીકે ઉપયોગ કરીને નકલી નેરેટિવ ઊભું કરાઈ રહ્યું હોવાનો પણ દાવો કર્યો છે. સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ સૂર્યકાંતની એક કથિત ટિપ્પણી બાદ આ કેમ્પેઈન શરૂ થયું હતું.

કેરળ ભાજપના પ્રમુખ રાજીવ ચંદ્રશેખરે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, "કોકરોચ જનતા પાર્ટીની આ ચાલ ભારત અને પીએમ મોદીની સરકારને નિશાન બનાવતું એક ક્લાસિક ક્રોસ-બોર્ડર ઓપરેશન છે. આ ચોક્કસ હિત ધરાવતા જૂથો દ્વારા ભારતને અસ્થિર કરવા માટે ડિઝાઈન કરવામાં આવ્યું છે અને આપણા વિપક્ષના કેટલાક તત્વો તેમને મદદ કરી રહ્યા છે."

ચંદ્રશેખરે દાવો કર્યો કે, કોરોના મહામારી, રશિયા-યુક્રેન યુદ્ધ, અમેરિકા-ઈરાન તણાવ અને ચીની આક્રમકતા છતાં પીએમ મોદીએ ભારતીય અર્થતંત્રને સુરક્ષિત રાખ્યું છે. આ જ કારણે વૈશ્વિક સ્તરે કેટલાક દેશો ભારતની આ પ્રગતિની ઈર્ષ્યા કરી રહ્યા છે અને અવરોધો ઊભા કરવાનો પ્રયાસ કરે છે. કોઈ કોકરોચ, કોઈ તુચ્છ વિપક્ષી રાજકારણી, કોઈ મોદી-વિરોધી કે કોઈ વિદેશી હિત ધરાવતું જૂથ તમામ ભારતીયોના સારા ભવિષ્યના સંકલ્પને ડગાવી શકશે નહીં. આ મહિનાની શરૂઆતમાં આમ આદમી પાર્ટીના પૂર્વ પોલિટિકલ કમ્યુનિકેશન સ્ટ્રેટેજિસ્ટ દીપકે એક વ્યંગાત્મક અભિયાન તરીકે CJP ની શરૂઆત કરી હતી. આ કેમ્પેઈન ત્યારે વાયરલ થયું જ્યારે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી દરમિયાન ચીફ જસ્ટિસ સૂર્યકાંત દ્વારા બેરોજગારો પ્રત્યે કથિત રીતે કરવામાં આવેલી એક ટિપ્પણી સોશિયલ મીડિયા પર ચર્ચાનો વિષય બની. યુવાનોમાં આ બાબતે ભારે નારાજગી જોવા મળી અને જોતજોતામાં આ સેટાયર પેજના ફોલોઅર્સ કરોડોમાં પહોંચી ગયા. જોકે, ચીફ જસ્ટિસે પાછળથી સ્પષ્ટતા કરી હતી કે, તેમની ટિપ્પણી કાયદેસરના વકીલો માટે નહીં, પરંતુ નકલી અને બોગસ ડિગ્રી ધરાવતા લોકો માટે હતી. ભાજપના રાજ્યસભા સાંસદ અને બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (BCI) ના ચેરમેન મનન કુમાર મિશ્રાએ પણ આ મામલે NIA તપાસની માંગને સમર્થન આપ્યું છે. તેમણે જણાવ્યું કે ચીફ જસ્ટિસના નિવેદનને ખોટી રીતે રજૂ કરવામાં આવી રહ્યું છે. મનન કુમારે દાવો કર્યો કે, "કોર્ટ પરિસરમાં કાળો કોટ પહેરીને ફરતા અંદાજે ૩૫ થી ૪૦ ટકા લોકો નકલી છે. તેમની ડિગ્રીઓ બોગસ છે અને તેઓ ક્યાંકથી ખરીદીને વકીલાત કરી રહ્યા છે. ચીફ જસ્ટિસની ટિપ્પણી આવા લોકો સામે હતી. મિશ્રાએ ઉમેર્યું કે, ભારતીય બાર કાઉન્સિલના નેતા તરીકે તેઓ ટૂંક સમયમાં આ અંગે મીડિયા સમક્ષ સત્તાવાર નિવેદન પણ જાહેર કરશે.

### નોંધણીની મુદત ૫ જૂને થઈ રહી છે પુરી

## UPમાં વક્ફ મિલકતો પર કડક કાર્યવાહી, ૩૧ હજારથી વધુ નોંધણી રદ

(સંપૂર્ણ સમાચાર સેવા)લખનઉ

ઉત્તર પ્રદેશમાં વક્ફ મિલકતોના ડિજિટાઈઝેશન અને વહીવટમાં પારદર્શિતા લાવવા માટે હાલમાં એક વ્યાપક સફાઈ ઝુંબેશ ચાલી રહી છે. આ પ્રક્રિયા અંતર્ગત દસ્તાવેજોની ચકાસણી દરમિયાન મોટા પાયે ગેરરીતિઓ અને વિસંગતતાઓ સામે આવી છે, જેના કારણે અત્યાર સુધીમાં ૩૧૦૦૦ થી વધુ વક્ફ મિલકતોની નોંધણી રદ કરી દેવામાં આવી છે.

કેન્દ્ર સરકારના 'ઉમીદ' પોર્ટલ પર ચાલી રહેલી આ પ્રક્રિયામાં લીધેલા આકરા પગલાંથી અસંખ્ય જૂના કબ્રસ્તાનો અને દરગાહો (મજારો) ના અસ્તિત્વ પર અનિશ્ચિતતાના વાદળો ઘેરાયા છે.લઘુમતી બાબતોના મંત્રાલય દ્વારા ગયા વર્ષે ૫ જૂને 'ઉમીદ' પોર્ટલ શરૂ કરવામાં આવ્યું હતું. વક્ફ ટ્રિબ્યુનલે ઉત્તર પ્રદેશ સુન્ની અને શિયા સેન્ટ્રલ વક્ફ બોર્ડની અપીલ બાદ નોંધણી માટેની મુદત વધારી આપી હતી, જેની અંતિમ તારીખ આગામી ૫ જૂનના રોજ પૂર્ણ થઈ રહી છે.

નોંધણી રદ થવા પાછળના મુખ્ય કારણો

તપાસ સમિતિ અને ચકાસણી પ્રક્રિયા દરમિયાન દસ્તાવેજોમાં નીચે મુજબની ગંભીર ક્ષતિઓ મળી આવી છે:

રેકોર્ડમાં તફાવત: વક્ફ બોર્ડના ચોપડે નોંધાયેલા 'ખાસરા' (સર્વે પ્લોટ) નંબર અને સરકારી મહેસૂલ રેકોડ ના નંબરોમાં મોટો વિરોધાભાસ છે.જમીન વિસ્તારમાં અસમાનતા: નોંધાયેલા વાસ્તવિક વિસ્તાર (રકબા) અને દસ્તાવેજી વિસ્તારમાં મોટો તફાવત જોવા મળ્યો છે.

બેવડી નોંધણી: કેટલીક મિલકતો એક જ સમયે શિયા અને સુન્ની બંને વક્ફ બોર્ડમાં નોંધાયેલી હોવાનું સામે આવ્યું છે.

ટેકનિકલ અને ઐતિહાસિક ભૂલો: જૂના દસ્તાવેજોમાં પુષ્કળ કાનૂની અને ટેકનિકલ અચોક્કસતાઓ જોવા મળી છે.

કયા જિલ્લાઓમાં સૌથી વધુ નોંધણી રદ થઈ?

રાજ્યના જૌનપુર જિલ્લામાં સૌથી વધુ વક્ફ મિલકતો રદ કરવામાં આવી છે. મુખ્ય જિલ્લાઓની યાદી નીચે મુજબ છે:

| જિલ્લો | મિલકત |
| --- | --- |
| જૌનપુર: | ૧૯૩૮ મિલકતો |
| બારાબંકી | ૧૫૨૧ મિલકતો |
| મુઝફ્ફરનગર | ૧૫૧૦ મિલકતો |
| અલીગઢ | ૧૦૬૧ મિલકતો |
| બસ્તી | ૧૦૦૦ મિલકતો |
| ઉન્નાવ | ૯૦૮ મિલકતો |
| સીતાપુર | ૯૦૬ મિલકતો |
| હરદોઈ | ૮૯૧ મિલકતો |
| આઝમગઢ | ૮૮૬ મિલકતો |
| લખનૌ | ૮૭૫ મિલકતો |

નિયમો અનુસાર, વક્ફ ટ્રિબ્યુનલે કાયદાકીય રીતે માન્ય હોય તેટલું મહત્તમ સમયગાળાનું લંબાણ અગાઉથી જ આપી દીધું છે, તેથી હવે સામૂહિક રીતે મુદત વધવાની શક્યતા નહિવત છે.

વક્ફ બોર્ડના અધિકારીઓના જણાવ્યા મુજબ, મિલકતના રક્ષકો એટલે કે મુતાવલ્લીઓ પાસે હજુ પણ ૫ જૂન સુધીનો સમય છે. તેઓ સાચા અને આધારભૂત સરકારી દસ્તાવેજો સાથે પોર્ટલ પર વિગતો ફરીથી અપલોડ કરી શકે છે. જો આ સમયમર્યાદામાં વિસંગતતાઓ સુધારવામાં નહીં આવે, તો આ તમામ મિલકતોને પોર્ટલમાંથી કાયમી ધોરણે હટાવી દેવામાં આવશે.

જો સમય વીતી જશે તો મુતાવલ્લીઓએ વ્યક્તિગત રીતે કોર્ટ અથવા ટ્રિબ્યુનલના ધક્કા ખાવા પડશે, જે ખૂબ જ લાંબી અને જટિલ પ્રક્રિયા છે.

નોંધનીય છે કે, ઉત્તર પ્રદેશમાં યુપી સુન્ની વક્ફ બોર્ડ હેઠળ ૧૨૬૦૦૦ થી વધુ સંસ્થાઓ આવે છે. વક્ફ (સુધારા) અધિનિયમ, ૨૦૨૫ અંતર્ગત વક્ફ મિલકતોની ડિજિટલ નોંધણી કરાવવી હવે કાનૂની રીતે ફરજિયાત બની ગઈ છે.

## અમેરિકન જાસુસોની Chief Tulsi Gabbardએ આપ્યું રાજીનામું


(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

શુક્રવારે US ગુપ્તચર વિભાગના નિર્દેશક તુલસી ગબાર્ડે તેમના પદ પરથી રાજીનામું આપી દીધુ છે. તેઓ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના મંત્રીમંડળનો ભાગ હતા અને રાષ્ટ્રીય ગુપ્તચર નિયામકના પદ પર નિયુક્ત થયા હતા. ગેબાર્ડે તેમના પતિના સ્વાસ્થ્યને કારણે આ નિર્ણય લીધો હતો.

ગેબાર્ડે તેમના રાજીનામા પત્રમાં લખ્યું છે કે તેઓ તેમના પતિને હાડકાના કેન્સરના દુર્લભ સ્વરૂપ સામેની લડાઈમાં ટેકો આપવા માટે રાજીનામું આપી રહી છે. પત્રમાં, તુલસી ગબાર્ડે ટ્રમ્પ વિશે કહ્યું, ''તમે મારા પર મૂકેલા વિશ્વાસ અને છેલ્લા દોઢ વર્ષથી રાષ્ટ્રીય ગુપ્તચર નિયામકના કાર્યાલયનું નેતૃત્વ કરવાની તક આપવા બદલ હું ખૂબ આભારી છું.''ગત વર્ષે ફેબ્રુઆરીમાં તુલસી ગબાર્ડે નેશનલ ઈન્ટેલિજન્સના ડિરેક્ટર તરીકે શપથ લીધા હતા. તેમણે જણાવ્યું હતું કે, ''દુર્ભાગ્યવશ, મારે ૩૦ જૂન, ૨૦૨૬ થી રાજીનામું આપવું પડશે. મારા પતિ, અબ્રાહમ, તાજેતરમાં જ હાડકાના કેન્સરના ખૂબ જ દુર્લભ સ્વરૂપનું નિદાન થયું છે.'' તુલસી ગબાર્ડે જણાવ્યું હતું કે તેમના પતિને આગામી અઠવાડિયામાં નોંધપાત્ર પડકારોનો સામનો કરવો પડશે.






## કોંગોમાં હિંસા: ઈબોલા સારવાર કેન્દ્રને લોકોએ આગ ચાંપી, રોગચાળો વકર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)બુનિયા

પૂર્વ કોંગોમાં ઈબોલાનો પ્રકોપથી સૌથી વધુ અસરગ્રસ્ત રવામ્પારા શહેરના લોકોએ ઈબોલા સારવાર કેન્દ્રને આગ ચાંપી હોવાની ઘટના બની છે. આ જાણકારી એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ આપી હતી.આ ઘટના એક સ્થાનિક વ્યક્તિના મૃતદેહને લઈ જતાં રોકવામાં આવ્યા બાદ બની હતી. આ આરોગ્ય સંકટને નિયંત્રિત કરવામાં ડોક્ટરોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. જેને કારણે લોકોમાં ભય અને ગુસ્સો સતત વધતો જોવા મળી રહ્યો છે.રવામ્પારામાં આગજનીની આ ઘટના તે પડકારોને ઉજાગર કરે છે, જેનો સામનો આરોગ્ય કર્મચારીઓ કરી રહ્યા છે. તેઓ ઈબોલા વાયરસના આ દુર્લભ પ્રકોપને રોકવા માટે કડક પગલાં લઈ રહ્યા છે, પરંતુ આ પગલાં સ્થાનિક રિવાજો- જેમ કે અંતિમ સંસ્કારને લગતી વિધિઓ સાથે મેળ ખાતા નથી.આ રોગચાળો કેટલાક અઠવાડિયાથી એવા વિસ્તારોમાં વકરી રહી છે જ્યાં આરોગ્ય સુવિધાઓનો ભારે અભાવ છે. તેમજ જ્યાં સશસ્ત્ર સંઘર્ષને કારણે ઘણા લોકોને તેમના ઘરો છોડીને વિસ્થાપિત થવાની પણ ફરજ પડી છે. અત્યાર સુધીમાં આ રોગચાળામાં ૧૪૮ લોકોના મોતની આશંકા છે. જ્યારે આશરે ૬૦૦ શંકાસ્પદ કેસ સામે આવ્યા છે. વિશ્વ આરોગ્ય સંગઠને આ રોગચાળાને આંતરરાષ્ટ્રીય ચિંતાની જાહેર આરોગ્ય કટોકટી જાહેર કરી છે.

# તંત્રી લેખ......

## દ્વિપક્ષીય સંબંધોને આકાર આપતી મુલાકાત

યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયોની ભારતની ચાર દિવસની મુલાકાત ફક્ત એક સામાન્ય રાજદ્વારી પ્રવાસ પર નિયમિત રોકાણ કરતાં વધુ છે. તે વોશિંગ્ટનના કેટલાક સમયથી અશાંતિમાં રહેલા સંબંધોને સ્થિર કરવા અને પુનઃસ્થાપિત કરવાના નવેસરથી પ્રયાસોને પણ રેખાંકિત કરે છે. તે સત્તાના સંતુલન રાજકારણ પ્રત્યે ભારતના વધુને વધુ સુસંસ્કૃત અભિગમને પણ પ્રતિબિંબિત કરે છે. એવા સમયે જ્યારે આંતરરાષ્ટ્રીય વ્યવસ્થા વિભાજીત થઈ રહી છે, ત્યારે નવી દિલ્હી પશ્ચિમી નેતૃત્વ હેઠળના ક્વાડ અને બ્રિક્સ જેવા બિન-પશ્ચિમી જોડાણો બંને સાથે જોડાણને વધુ ગાઢ બનાવીને તેની વ્યૂહાત્મક સ્થિતિસ્થાપકતાને વધુ તીવ્ર બનાવી રહ્યું છે. રૂબિયો ૨૩ થી ૨૬ મે દરમિયાન ભારતમાં રહેશે. વિદેશ પ્રધાન તરીકે આ તેમની ભારતની પહેલી મુલાકાત છે, જે પ્રતીકાત્મક અને વ્યૂહાત્મક બંને રીતે મહત્વ ધરાવે છે. કોલકાતા, જયપુર, આગ્રા અને નવી દિલ્હી જેવા સ્થળોએ રોકાશે તેવી તેમની મુલાકાતના ઊંડા અર્થ છે, જે સભ્યતાના જોડાણોને ભૂ-રાજકીય વાસ્તવિકતાઓ સાથે જોડે છે. સ્વાભાવિક રીતે, તે એક ગંભીર રાજદ્વારી એજન્ડા પણ ધરાવે છે, જેમાં ઊર્જા સુરક્ષા, વેપાર મુદ્દાઓ, સંરક્ષણ સહયોગ અને મહત્વપૂર્ણ પુરવઠા શૃંખલાઓનું પુનર્ગઠનનો સમાવેશ થાય છે. આ મુલાકાતનો સમય ખાસ કરીને મહત્વપૂર્ણ છે.

ટ્રમ્પ વહીવટના બીજા કાર્યકાળ દરમિયાન, ભારત-અમેરિકા સંબંધો ટેરિફ, રશિયા સાથે ભારતના સતત જોડાણ અને ક્વાડ સાથેના ડગમગતા સંબંધોને કારણે તણાવગ્રસ્ત રહ્યા છે. આ સંદર્ભમાં, રૂબિયોની ભારતની મુલાકાત વોશિંગ્ટનની માન્યતાનું પ્રતીક છે કે, ચોક્કસ મતભેદો હોવા છતાં, ભારત અમેરિકાની ઈન્ડો-પેસિફિક વ્યૂહરચના માટે અનિવાર્ય રહે છે. આ મુલાકાતના કેન્દ્રમાં ક્વાડ વિદેશ મંત્રીઓની બેઠક છે. ભારત ઉપરાંત, અમેરિકા, જાપાન અને ઓસ્ટ્રેલિયા ક્વાડનો ભાગ છે. સમય જતાં, ક્વાડ એક સલાહકાર મંચથી ઈન્ડો-પેસિફિક વ્યૂહાત્મક માળખાના કેન્દ્રિય સ્તંભ તરીકે વિકસિત થયું છે. વોશિંગ્ટન માટે, તે ચીનના વધતા પ્રાદેશિક પ્રભાવને સંતુલિત કરવાના સાધન તરીકે કામ કરે છે, તેમજ ટેકનોલોજીકલ સંકલન, દરિયાઈ સુરક્ષા અને સપ્લાય ચેઈન સ્થિતિસ્થાપકતામાં વધારો કરે છે. તેથી, ક્વાડ ઈવેન્ટમાં રૂબિયોની હાજરી ભાગીદારોને ખાતરી આપે છે કે વિવિધ વૈશ્વિક અવરોધો છતાં યુએસ ઈન્ડો-પેસિફિક પ્રત્યે સમાન રીતે પ્રતિબદ્ધ છે. ક્વાડ ઔપચારિક જોડાણ ન હોવાથી, તે કોઈ ચોક્કસ માળખામાં બંધાયા વિના ભારત માટે ખૂબ ઉપયોગી લાગે છે. નવી દિલ્હી તેને વ્યૂહાત્મક છત્ર જૂથને બદલે લવચીક વ્યૂહાત્મક ભાગીદારી તરીકે પણ જુએ છે. આ ભેદ મહત્વપૂર્ણ છે કારણ કે ક્વાડ ભારતને તેની વિદેશ નીતિ સ્વાયત્તતા સાથે સમાધાન કર્યા વિના સંરક્ષણ ટેકનોલોજી, દરિયાઈ સહયોગ અને ભૂરાજકીય સંકલન માટે તકો પ્રદાન કરે છે.

ક્વાડ બેઠકનું આયોજન કરતા થોડા દિવસો પહેલા, ભારતે બ્રિક્સ વિદેશ મંત્રીઓનો કાર્યક્રમ પણ યોજ્યો હતો. બ્રિક્સમાં હવે પરંપરાગત સભ્યો સાથે ઈરાન જેવા દેશોનો સમાવેશ થાય છે. જ્યારે બંને સ્તરે ભારતની ભાગીદારી કેટલાક નિરીક્ષકોને વિરોધાભાસી લાગે છે, તે વાસ્તવમાં ભારતની સમકાલીન વિદેશ નીતિના તર્કને પ્રતિબિંબિત કરે છે, જે એક જ રેખાને બદલે બહુપક્ષીય જોડાણને પ્રાથમિકતા આપે છે. વધુમાં,બ્રિક્સ ભારત માટે અનેક હેતુઓ પૂરા પાડે છે.ભારત માત્ર ઈક્વિટીનું સંતુલન જ નહીં, પણ ધ્રુવીકરણ પામેલા વિશ્વમાં વૈશ્વિક પરિણામોને આકાર આપવા માટે સંબંધો, સંસ્થાઓ અને અપેક્ષાઓનું પણ સંતુલન કરી રહ્યું છે. રુબિયોની મુલાકાતની સફળતા બંને પક્ષો એકબીજાની વ્યૂહાત્મક જરૂરિયાતોને કેવી રીતે સંબોધે છે તેના કરતાં ભવ્ય ઘોષણાઓ પર ઓછી નિર્ભર રહેશે.

### અમદાવાદમાં આયોજિત રોજગાર મેળામાં ૧૧૫ નવી નિમણૂક મેળવનારા ઉમેદવારોને નિમણૂક પત્રો વિતરણ કરવામાં આવ્યા

# રોજગાર સર્જનની દિશામાં મોટું પગલું : માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ દેશભરમાં આયોજિત ૧૯મા રોજગાર મેળા હેઠળ ૫૧ હજારથી વધુ યુવાનોને નિમણૂક પત્રો સોંપ્યા

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી એ ૨૩ મે, ૨૦૨૬ના રોજ વીડિયો કોન્ફરન્સિંગના મારફતે ૧૯મા રોજગાર મેળા હેઠળ દેશભરમાં ૫૧,૦૦૦થી વધુ નવી નિમણૂંક મેળવનારા યુવાનોને નિમણૂક પત્રો વિતરણ કર્યા. વડાપ્રધાને નવી નિમણૂંક મેળવનારા કર્મચારીઓને સંબોધિત કરતા તેમને રાષ્ટ્ર નિર્માણમાં સક્રિય યોગદાન આપવાની હાકલ કરી. તેમણે કહ્યું કે ભરતી પ્રક્રિયામાં હવે પારદર્શિતા આવી છે તથા તમામ પસંદગી મેરિટના આધારે કરવામાં આવી રહી છે. સાથે જ નિમણૂક પ્રક્રિયા પહેલાની સરખામણીમાં વધુ ઝડપી અને સરળ બની છે. ૧૯મો રોજગાર મેળો દેશભરના ૪૭ સ્થળો પર આયોજિત કરવામાં આવ્યો, જેમાં વિવિધ ૧૯ વિભાગોમાંથી પસંદ થયેલા ઉમેદવારોને નિમણૂક પત્રો આપવામાં આવ્યા. રેલવે મંત્રાલય, ગૃહ મંત્રાલય, આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય, નાણાકીય સેવા વિભાગ, ઉચ્ચ શિક્ષણ વિભાગ સહિત કેન્દ્ર સરકારના વિવિધ મંત્રાલયો અને વિભાગોમાં પસંદ થયેલા ઉમેદવારોને નિમણૂકો આપવામાં આવી. રોજગાર મેળો અભિયાન શરૂ થયા પછીથી અત્યાર સુધીમાં દેશભરમાં આયોજિત વિવિધ રોજગાર મેળાઓના મારફતે આશરે ૧૨.૫૦ લાખ નિમણૂક પત્રો વિતરિત કરી દેવામાં આવ્યા છે.

અમદાવાદમાં આયોજિત રોજગાર મેળામાં મુખ્ય અતિથિ, માનનીય યુવા બાબતો અને રમતગમત રાજ્યમંત્રી, ભારત સરકાર, શ્રીમતી રક્ષા નિખિલ ખડસેએ પોતાના સંબોધનમાં કહ્યું કે આજે ગુજરાત સહિત દેશના વિવિધ રાજ્યોમાં આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદી જીના નેતૃત્વમાં રોજગાર મેળાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. તેમણે કહ્યું કે આ પૂર્વે ૧૮ રોજગાર મેળાઓનું સફળ આયોજન કરવામાં આવી ચૂક્યું છે,




જેમની મારફતે આશરે ૧૨ લાખ યુવાનોને કેન્દ્ર સરકાર દ્વારા રોજગારની તકો પૂરી પાડવામાં આવી છે. આજે પણ આ રોજગાર મેળા મારફતે આશરે ૫૧ હજાર યુવાનોને નિમણૂક પત્રો આપવામાં આવી રહ્યા છે. તેમણે કહ્યું કે ગુજરાતને આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી જીના નેતૃત્વ અને વિકાસ મોડલ માટે સમગ્ર દેશ અને વિશ્વમાં ઓળખવામાં આવે છે. મુખ્યમંત્રી તરીકેના પોતાના કાર્યકાળ દરમિયાન તેમણે ગુજરાતના વિકાસ મોડલને વિશ્વની સમક્ષ પ્રસ્તુત કર્યું. વડાપ્રધાન જીની વિચારસરણી હંમેશાંથી એ રહી છે કે દેશનો પ્રત્યેક યુવાન આગળ વધે, દરેક ક્ષેત્રમાં શ્રેષ્ઠ કામ કરે અને રાષ્ટ્ર નિર્માણમાં પોતાની સક્રિય ભૂમિકા ભજવે. યુવાનો જ દેશની સૌથી મોટી શક્તિ છે અને ભારત આજે વિશ્વનો સૌથી યુવાન દેશ છે. યુવાનોને સાચી દિશા પૂરી પાડવાનું કાર્ય કેન્દ્ર સરકાર અને વિશેષ રૂપે વડાપ્રધાન જીના નેતૃત્વમાં નિરંતર કરવામાં આવી રહ્યું છે. આ રોજગાર મેળો માત્ર નિમણૂક પત્રો વિતરણ કરવાનો કાર્યક્રમ નથી, પરંતુ યુવાનોમાં રાષ્ટ્ર સેવાની ભાવના જાગૃત કરવાનું એક મહત્વપૂર્ણ માધ્યમ છે.

આ પ્રસંગે મંડળ રેલવે મેનેજર શ્રી વેદ પ્રકાશ એ જણાવ્યું કે પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ પર રોજગાર મેળાનું આયોજન કરવામાં આવ્યું, જેના હેઠળ કુલ ૧૧૫ નવ પસંદગી પામેલા ઉમેદવારોને નિમણૂક પત્રો વિતરણ કરવામાં આવ્યા. આમાં ૫૦ ટકાથી વધુ ઉમેદવારો રેલવે વિભાગ સંબંધિત હતા તથા ૨૯ મહિલા ઉમેદવારોને પણ નિમણૂક પત્રો આપવામાં આવ્યા. નિમણૂક મેળવેલા ઉમેદવારોમાં રેલવે વિભાગના ૬૬, નાણાકીય સેવા વિભાગના ૩૬, ટપાલ વિભાગના ૦૯, આવકવેરા વિભાગના ૦૨ તથા ઈપીએફઓ અને એરપોર્ટ ઓથોરિટીના એક-એક ઉમેદવાર સામેલ છે. અમદાવાદમાં આયોજિત રોજગાર મેળા કાર્યક્રમમાં માનનીય યુવા બાબતો અને રમતગમત રાજ્યમંત્રી, ભારત સરકાર શ્રીમતી રક્ષા નિખિલ ખડસે, માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર તથા ગ્રામીણ વિકાસ મંત્રી, ગુજરાત સરકાર શ્રી કુંવરજીભાઈ બાવળિયા, માનનીય શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ રાજ્યમંત્રી, ગુજરાત સરકાર શ્રીમતી દર્શના બેન વાઘેલા, માનનીય સંસદસભ્ય અમદાવાદ પશ્ચિમ શ્રી દિનેશભાઈ મકવાણા, માનનીય સંસદસભ્ય (રાજ્યસભા) શ્રી નરહરિ અમીન, અમદાવાદ વિસ્તારના માનનીય ધારાસભ્યશ્રીઓ તેમજ મંડળ રેલવે મેનેજર શ્રી વેદ પ્રકાશ ઉપસ્થિત રહ્યા. અતિથિઓ દ્વારા નવી નિમણૂંક મેળવનારા ઉમેદવારોને નિમણૂક પત્રો આપવામાં આવ્યા.

# ભીષણ ગરમીમાં યાત્રિયોને રાહતઃ ભાવનગર મંડળના ભાવનગર ટર્મિનસ સ્ટેશન પર નિઃશુલ્ક છાશનું વિતરણ

ભીષણ ગરમી અને વધતા તાપમાનને ધ્યાનમાં રાખીને યાત્રિયોને રાહત પહોંચાડવા માટે પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળ દ્વારા જનહિતમાં વિશેષ પહેલ કરવામાં આવી છે. આ અનુસંધાને તા. ૨૩ મે, ૨૦૨૬ (શનિવાર)ના રોજ ભાવનગર ટર્મિનસ રેલવે સ્ટેશન પર મુસાફરો માટે નિઃશુલ્ક છાશ વિતરણની વ્યવસ્થા કરવામાં આવી હતી. વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ માહિતી આપતાં જણાવ્યું કે ભાવનગર ટર્મિનસ રેલવે સ્ટેશનના મુખ્ય પ્રવેશદ્વાર અને પ્લેટફોર્મ વિસ્તારમાં યાત્રિયો, ખાસ કરીને વરિષ્ઠ નાગરિકો, મહિલાઓ અને બાળકોને છાશ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી, જેના કારણે તેમને ભીષણ ગરમીમાંથી નોંધપાત્ર રાહત મળી. નિઃશુલ્ક છાશ વિતરણ સેવામાં ભાવનગરની સામાજિક સંસ્થા "ફેન્ટાસ્ટિક-૧૪"નું સરાહનીય સહકાર પ્રાપ્ત થયું. સ્ટેશન પર આ વ્યવસ્થાઓને સફળતાપૂર્વક સંચાલિત કરવામાં ભાવનગર મંડળના વાણિજ્ય વિભાગના નિરીક્ષકો, ટિકિટ ચેકિંગ સ્ટાફ તથા અન્ય કર્મચારીઓએ સક્રિય ભૂમિકા ભજવી અને વિતરણ કાર્યને સુવ્યવસ્થિત અને સુરક્ષિત રીતે પૂર્ણ કર્યું. આ અવસરે મંડળ રેલ પ્રબંધક (DRM) શ્રી દિનેશ વર્માએ જણાવ્યું કે, "ભીષણ ગરમી દરમિયાન મુસાફરોને રાહત પહોંચાડવી અમારી સર્વોચ્ચ પ્રાથમિકતા છે. ભાવનગર મંડળ દ્વારા વિવિધ સ્વયંસેવક સંસ્થાઓના સહયોગથી આવી જનહિતકારી પ્રવૃત્તિઓ સતત આયોજિત કરવામાં આવી રહી છે. આ પહેલ અમારી સામાજિક પ્રતિબદ્ધતા અને મુસાફર હિત પ્રત્યેની સંવેદનશીલતાનું પ્રતિબિંબ છે." ભાવનગર મંડળ દ્વારા મુસાફરોને સુરક્ષિત, સુવિધાજનક અને માનવીય સેવાઓ સતત ઉપલબ્ધ રહે તે માટે પ્રયત્નશીલ રહેવામાં આવી રહ્યું છે. ભીષણ ગરમી દરમિયાન આવી રાહત સેવાઓ આગળ પણ સતત ચાલુ રાખવામાં આવશે.



# સિવિલ હોસ્પિટલમાં 'વિશ્વ પ્રિક્લેમ્પસિયા દિવસ'ની અનોખી ઉજવણીઃ સગર્ભા મહિલાને હાઈ બ્લડપ્રેશરના જોખમો સામે જાગૃત કરાયા

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને આરોગ્ય રાજ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાના 'સુરક્ષિત માતૃત્વ'ના સંકલ્પને વેગ આપવા માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે ૨૨ મેના રોજ 'વિશ્વ પ્રિક્લેમ્પસિયા દિવસ' નિમિત્તે એક વિશેષ જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. હોસ્પિટલના રેડિયોલોજી વિભાગ દ્વારા આયોજિત આ કાર્યક્રમનો મુખ્ય હેતુ ગર્ભાવસ્થા દરમિયાન મહિલાઓમાં થતા હાયપરટેન્શન -હાઈ બ્લડપ્રેશર અને તેના જોખમો વિશે સગર્ભા મહિલાઓને જાગૃત કરાયા હતાં.

★પ્રિક્લેમ્પસિયા શું છે અને તે કેમ જોખમી છે?

સિવિલ હોસ્પિટલના તબીબી અધીક્ષક ડૉ. રાકેશ જોશીએ જણાવ્યું કે, માતા અને બાળકના સ્વાસ્થ્યની સુરક્ષા અને બાળ મૃત્યુદર ઘટાડવા માટે સિવિલ હોસ્પિટલ પ્રશાસન સંપૂર્ણપણે કટિબદ્ધ છે.પ્રિક્લેમ્પસિયા એ ગર્ભાવસ્થા દરમિયાન થતી એક ગંભીર સમસ્યા છે, જે ગર્ભાવસ્થા દરમિયાન ૨૦ અઠવાડિયા પછી વિકસે છે. તેમાં બ્લડ પ્રેશર ખૂબ જ વધી જાય છે અને પેશાબમાં પ્રોટીન જવું, લીવર કે કિડનીને નુકસાન થવું જેવા લક્ષણો જોવા મળે છે. પ્રિક્લેમ્પસિયા એ વિશ્વભરમાં માતા અને ગર્ભમાં રહેલા બાળકના મૃત્યુનું મુખ્ય કારણ છે. આધુનિક પ્રિક્લેમ્પસિયા સંશોધનના પ્રણેતા ડૉ. લિયોન સી. ચેસ્લીના જન્મદિવસની યાદમાં દર વર્ષે ૨૨ મેના રોજ આ દિવસ ઉજવવામાં આવે છે. સિવિલ હોસ્પિટલની ૧૨૦૦ બેડની હોસ્પિટલના સ્ત્રી અને પ્રસૂતિ રોગ (GYNEC) વિભાગમાં યોજાયેલા આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ગર્ભવતી મહિલાઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ડૉ. રાકેશ જોશીએ આશા વ્યક્ત કરી હતી કે, રાજ્ય સરકારના આરોગ્ય વિભાગના સહયોગથી યોજાતા આવા જાગૃતિ કાર્યક્રમો ભવિષ્યમાં માતા અને બાળકના સ્વાસ્થ્યમાં સુધારો લાવવા તેમજ બાળ મૃત્યુદર ઘટાડવામાં ખૂબ જ અસરકારક સાબિત થશે.

આ ઉપરાંત ગર્ભાવસ્થા દરમિયાન હાયપરટેન્શનના લક્ષણો જેવાં કે, સતત અથવા ગંભીર માથાનો દુખાવો થવો, દ્રષ્ટિમાં ફેરફાર થવો કે ઝાંખું દેખાવું, ચહેરા અને હાથ પર અચાનક સોજો આવવો અથવા પેટના ઉપરના ભાગમાં દુખાવો થવો; આમાંથી કોઈ પણ લક્ષણ જણાય તો સગર્ભા માતાઓએ તુરંત ડૉક્ટરનો સંપર્ક કરવો જોઈએ, તેમ ડૉ. રાકેશ જોશીએ વધુમાં ઉમેર્યું હતું."

રેડિયોલોજી વિભાગના ડૉ. નિશા ભોજવાનીએ જણાવ્યું કે, ગર્ભવતી માતાઓ આ ગંભીર બીમારીને સરળતાથી સમજી શકે તે માટે ખાસ ચિત્રો અને ફ્લેશ કાર્ડનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. સામાન્ય રીતે ગર્ભાવસ્થાના ૨૦ અઠવાડિયા એટલે કે ૫ મહિના પછી આ સમસ્યા જોવા મળે છે. તેના બે મુખ્ય લક્ષણો છે. હાઈ બ્લડપ્રેશર અને યુરિનમાં પ્રોટીનનું વધુ પ્રમાણ એટલે કે હાઈ પ્રોટીન્યુરિયા.

આવા સમયે જો શરીરમાં અચાનક સોજા આવે, સતત માથાનો દુખાવો થાય કે આંખે ઝાંખપ આવે તો તરત જ ડૉક્ટરનો સંપર્ક કરવો જોઈએ તેમ ડૉ. નિશા ભોજવાનીએ વધુમાં ઉમેર્યું હતું.

કાર્યક્રમના અંતમાં ઉપસ્થિત સગર્ભા મહિલાઓએ પોતાની તબિયત અને મૂંઝવણો અંગે નિષ્ણાત ડૉક્ટરો સાથે સીધી વાતચીત કરી હતી અને પોતાના પ્રશ્નોના સંતોષકારક જવાબો મેળવી ખૂબ જ રાજીપો વ્યક્ત કર્યો હતો. સિવિલ હોસ્પિટલની આ અનોખી પહેલને સગર્ભા મહિલાઓ અને તેમના પરિવારો તરફથી બહોળો પ્રતિસાદ મળ્યો હતો.

- પ્રિન્સ ચાવલા

### મુન્દ્રા પોર્ટથી લઈને ભુજ-નલિયા રેલવે સેક્શન સુધી વિકાસ પરિયોજનાઓ તેમજ રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું નિરીક્ષણ કર્યું

# કચ્છમાં રેલવે વિકાસને મળશે નવી ગતિઃ પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર રામાશ્રય પાંડેની કચ્છ મુલાકાત

પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર રામાશ્રય પાંડેએ ૨૨ અને ૨૩ મે, ૨૦૨૬ ના રોજ કચ્છ વિસ્તારની વ્યાપક મુલાકાત લઈને રેલવે પરિયોજનાઓ, માળખાકીય વિકાસ કાર્યો તથા ભાવી યોજનાઓની સમીક્ષા કરી. આ દરમિયાન તેમણે ગાંધીધામ-મુન્દ્રા પોર્ટ સેક્શનનું નિરીક્ષણ વાહન દ્વારા વિન્ડો ટ્રેલિંગ નિરીક્ષણ કર્યું તથા ભુજ-નલિયા-વાયોર રેલવે સેક્શનનું પણ સઘન નિરીક્ષણ કર્યું.






૨૨ મે, ૨૦૨૬ના રોજ ગાંધીધામથી મુન્દ્રા પોર્ટ વચ્ચે કરવામાં આવેલા નિરીક્ષણ દરમિયાન જનરલ મેનેજરે ગાંધીધામ વિસ્તારમાં ચાલી રહેલા વિવિધ રેલવે પ્રોજેક્ટ્સની પ્રગતિની સમીક્ષા કરી.

આ પ્રસંગે પશ્ચિમ રેલવે અમદાવાદના મુખ્ય વહીવટી અધિકારી (નિર્માણ) પ્રદીપ ગુપ્તા, અમદાવાદ મંડળના મંડળ રેલવે મેનેજર વેદ પ્રકાશ સહિત નિર્માણ અને મંડળના સિનિયર અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

મુન્દ્રા પોર્ટની મુલાકાત દરમિયાન જનરલ મેનેજરે APSEZ ના CEO સુજલ શાહ સાથે ટ્રેન કનેક્ટિવિટી તેમજ ટ્રેન સંચાલન સંબંધિત વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરી. પોર્ટના મોડલ રૂમમાં APSEZ ના COO મનોજ કતર દ્વારા મુન્દ્રા પોર્ટના વિકાસ અને છેલ્લા ૧૩ વર્ષોની સિદ્ધિઓની માહિતી રજૂ કરવામાં આવી? આ દરમિયાન રો-રો ટર્મિનલનું અવલોકન પણ બોટના માધ્યમથી કરવામાં આવ્યું. જનરલ મેનેજરે Adani Ports and Special Economic Zone ના અધિકારીઓ સાથે બેઠક કરીને રેલવે તેમજ પોર્ટ વચ્ચેના સંકલન તથા ભવિષ્યની સંભાવનાઓ પર વિગતવાર ચર્ચા કરી.

ભુજ-દિલ્હી નવી દૈનિક એક્સપ્રેસ ટ્રેન સેવાના પ્રારંભ પ્રસંગે પત્રકારો સાથે વાતચીત કરતા જનરલ મેનેજર શ્રી પાંડેએ જણાવ્યું કે કચ્છમાં રેલવેના માળખાકીય વિકાસ અને નવી રેલવે સુવિધાઓ માટે આવનારા વર્ષો અત્યંત મહત્વપૂર્ણ રહેવાના છે. તેમણે જણાવ્યું કે ભુજ-આદિપુર વચ્ચે ડબલ રેલવે ટ્રેક માટે સર્વેનું કાર્ય શરૂ કરી દેવામાં આવ્યું છે, જેનાથી ભવિષ્યમાં પરિવહન વધુ ઝડપી અને સરળ બનશે.

જનરલ મેનેજર શ્રી પાંડે તેમજ મંડળ રેલવે મેનેજર વેદ પ્રકાશે માહિતી આપી કે ભુજ રેલવે સ્ટેશનનો પુનર્વિકાસ એરપોર્ટ જેવી આધુનિક સુવિધાઓ સાથે કરવામાં આવી રહ્યો છે. સ્ટેશન નિર્માણનું કામ અંતિમ તબક્કામાં છે તથા કામ પૂર્ણ થયા બાદ તેનું લોકાર્પણ કરવામાં આવશે. આ સિવાય ભચાઉ તેમજ ગાંધીધામ રેલવે સ્ટેશનોના પુનર્વિકાસનું કાર્ય પણ પ્રગતિ પર છે.

તેમણે કહ્યું કે ભુજ સ્ટેશનના નવનિર્માણ બાદ રેલવે સેવાઓનું વધુ વિસ્તરણ કરવામાં આવશે તથા કચ્છમાં જ્યાં પણ વેપાર અને ટ્રાફિકની જરૂરિયાત હશે, ત્યાં નવી રેલવે પરિયોજનાઓ શરૂ કરવામાં આવશે.

ભુજ-દિલ્હી રેલવે સેવાના શુભારંભ પછી ગાંધીધામમાં ઉદ્યોગપતિઓ અને વ્યાપારી સંગઠનો સાથે આયોજિત બેઠકમાં પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર સહિત વરિષ્ઠ અધિકારીઓએ ઉદ્યોગ જગતની સમસ્યાઓ અને સૂચનો સાંભળ્યા. ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા આયોજિત બેઠકને સંબોધિત કરતા જનરલ મેનેજર શ્રી રામાશ્રય પાંડેએ જણાવ્યું કે રેલવેની કાર્યશૈલી અને વિચારસરણીમાં વ્યાપક પરિવર્તન આવ્યું છે.

તેમણે કહ્યું કે મુસાફરો અને માલસામાનના પરિવહન માટે ઘણા વિકલ્પો ઉપલબ્ધ હોવા છતાં રેલવેના માધ્યમથી પરિવહન વધવું તે દેશના હિતમાં છે. કચ્છના વેપાર અને ઉદ્યોગ જગત સાથે જોડાયેલા મુદ્દાઓના ઉકેલ માટે રેલવે દ્વારા ઝોનલ અને રેલવે બોર્ડ સ્તરે સક્રિય પ્રયાસો કરવામાં આવશે.

અમદાવાદ મંડળના મંડળ રેલવે મેનેજર વેદ પ્રકાશે જણાવ્યું કે રેલવેનો પ્રયાસ છે કે ઉદ્યોગ જગત અને મુસાફરો પાસેથી મળેલા સૂચનોના આધારે જરૂરી કાર્યો કરવામાં આવે. તેમણે કહ્યું કે રેલવે ઉદ્યોગ જગતની સમસ્યાઓને ગંભીરતાથી સમજે છે તથા નીતિ સાથે જોડાયેલા વિષયોના ઉકેલ માટે જરૂરી ફેરફારો કરવાનો પ્રયાસ પણ કરવામાં આવશે.

બેઠક દરમિયાન ચેમ્બર ઓફ કચ્છના પ્રતિનિધિઓએ માંડવીને રેલવે નેટવર્ક સાથે જોડવા, અગાઉ મંજૂર થયેલી રેલવે કોચ ફેક્ટરી શરૂ કરવા, નમો ભારત ટ્રેનને ડબલ રેક સાથે ચલાવવા તથા ભુજ-હરિદ્વાર, ભુજ-વારાણસી, ભુજ-ભાગલપુર તેમજ ભુજ-અમૃતસર જેવી લાંબા સમયથી પેન્ડિંગ (લંબિત) ટ્રેનોની માંગણીઓને પ્રાથમિકતા આપવા સહિતના વિવિધ વિષયો ઉઠાવ્યા હતા. સાથે જ ડીપી વર્લ્ડ દ્વારા જૂન ૨૦૨૭ સુધીમાં પ્રસ્તાવિત મેગા કન્ટેનર ટર્મિનલ અને વધતા માલસામાનના પરિવહનને ધ્યાનમાં રાખતા વધારાની રેલવે સુવિધાઓના વિકાસ માટે પણ વિનંતી કરવામાં આવી હતી.

૨૩ મે, ૨૦૨૬ ના રોજ જનરલ મેનેજર શ્રી રામાશ્રય પાંડેએ ભુજ-નલિયા-વાયોર રેલવે સેક્શનનું નિરીક્ષણ કર્યું. આ દરમિયાન તેમણે ભુજ-નલિયા સેક્શનમાં રેલવે ટ્રેક, લેવલ ક્રોસિંગ, મોટા અને નાના પુલો, પોઈન્ટ્સ અને ક્રોસિંગ, સેક્શનમાં વળાંકો તથા સુરક્ષા માપદંડોને અનુરૂપ રેલવે માળખાનું સઘન નિરીક્ષણ કર્યું. સાથે જ નલિયા સ્ટેશન તેમજ નલિયા-વાયોર નવી રેલવે લાઈન પરિયોજનાના કાર્યોની પ્રગતિની પણ સમીક્ષા કરી.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું
બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ
ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

નવસર્જન સંસ્કૃતિ
નવસર્જન સંસ્કૃતિ
એક શુભેચ્છક

PRGI NO. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

# પશુપાલકો પર મોંઘવારીનો ડબલ માર : દુધ બાદ હવે પશુઆહારના ભાવમાં મોટો ઉછાળો : અમુલે ઝીંકયો ભાવ વધારો

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતની શ્વેત ક્રાંતિના મુખ્ય સ્તંભ સમાન પશુપાલકો માટે અત્યારે કપરો સમય ચાલી રહ્યો છે. ઉત્તર અને મધ્ય ગુજરાતમાં આકરી ગરમીના પ્રકોપ વચ્ચે હવે પશુપાલકોના માથે આર્થિક ભારણ પણ વધ્યુ છે.

એશિયાની સૌથી મોટી ડેરી ગણાતી અમુલ દ્વારા દુધના ખરીદ ભાવમાં વધારો કર્યાના ગણતરીના દિવસોમાં જ હવે પશુઆહાર (દાણ) ના ભાવમાં તોતીંગ વધારો જાહેર કરવામાં આવ્યો છે. નવા દરો આજે તારીખ ૨૩ મે થી અમલમાં આવી ગયા છે. જેના કારણે પશુપાલકોના બજેટ ખોરવાઈ ગયા છે.



અમુલ દ્વારા પશુઆહાર ની વિવિધ પ્રોડકટ પર પ્રતિગુણી રૂપીયા ૯૦ થી લઈને રૂપીયા ૧૫૦ સુધીનો વધારો કરવામાં આવ્યો છે. પશુઓની દુધ આપવાની ક્ષમતા અને ગુણવત્તા જાળવવા માટે વપરાતા અલગ અલગ દાણાના ભાવ જાહેર કરવામાં આવ્યા છે. જેમાં પશુપાલકોમાં સૌથી વધુ લોકપ્રિય આ દાણાની ગુણીમાં સીધો રૂપીયા ૧૫૦ નો વધારો થયો છે. અગાઉ જે ભાવ રૂપીયા ૧,૮૧૫ હતો તે હવે વધીને રૂપીયા ૧,૯૬૫ થયો છે. જયારે અન્ય સુપ્રિમ માસ્ટર આમા પણ રૂપીયા ૧૫૦ નો વધારો ઝીંકાયો છે. તેનો જુનો ભાવ રૂપીયા ૧,૮૩૦ હતો તે હવે વધીને રૂપીયા ૧,૯૮૦ સુધી પહોચ્યો છે. જયારે અન્ય પાવરદાણા ૭૦ કિલોના પેકીંગમાં ઉપયોગમાં લેવાતા આ પેકીગમાં રૂપીયા ૧૪૦ નો વધારો કરવામાં આવ્યો છે.

હવે આ ગુણી રૂપીયા ૨,૧૦૮ ના બદલે હવે રૂપીયા ૨,૨૪૮ માં મળશે, જયારે અન્ય સુપ્રિમ ગોલ્ડ કે જે ૩૦ કિલોના પેકીંગમાં આવે છે, આ નાના પેકીંગમાં પણ રૂપીયા ૧૦૫ નો વધારો થતા હવે નવો ભાવ રૂપીયા ૯૩૯ થયો છે. જયારે અન્ય વાછરડાં માટેના દાણાં કે જે ૨૫ કિલોના પેકીંગમાં આવે છે, આ પશુ ઉછેર માટે જરૂરી આ આહારમાં સૌથી વધુ ટકાવારી મુજબ વધારો થયો છે. રૂપીયા ૭૮૪ ની ગુણી હવે રૂપીયા ૮૭૫ માં મળશે, જેમાં રૂપીયા ૯૧ નો વધારો કરવામાં આવ્યો છે.

અમુલ અને અન્ય ડેરીઓ દ્વારા તાજેતરમાં જ દુધના ફેટના ભાવમાં વધારો કરવામાં આવ્યો હતો. જેનાથી પશુપાલકોમાં ખુશીની લહેર જોવા મળી હતી. પશુપાલકોને આશા હતી કે વધેલા ભાવથી તેમની આવકમાં સુધારો થશે, જો કે પશુઆહારના ભાવમાં થયેલા આ નવા વધારાએ તે આનંદ પર પાણી ફેરવી દીધુ છે. ગામડાઓના પશુપાલકોનુ કહેવુ છે કે દુધના ભાવ વધ્યા તેની સામે પશુના ખોરાકનો ખર્ચ બમણો વધી ગયો છે. એક તરફ સુકો અને લીલો ચારો મોંઘો છે, ઉપરથી દાણાના ભાવમાં રૂપીયા ૧૫૦ નો ઉછાળો પશુપાલન વ્યવસાયને ખોટના સોદા જેવો બની રહ્યો છે.

ગુજરાતમાં લાખો પરીવારો એવા છે જેઓ માત્ર ૨ થી ૫ પશુઓ રાખીને પોતાનુ ગુજરાન ચલાવે છે. આવા નાના અને મધ્યમ પશુપાલકો માટે દુધ ઉત્પાદન ખર્ચાળ બની રહ્યુ છે.

ઉનાળામાં પાણીના સ્તર નીચે જવાથી અને ઘાસચારાની અછતને લીધે બહારથી મોંઘો ચારો ખરીદવો પડે છે, વધતી ગરમીને કારણે પશુઓમાં રોગચાળો અને દુધ ઉત્પાદન ઘટવાની સમસ્યા સામાન્ય છે. જેમાં દવાનો ખર્ચ વધારાનો હોય છે, પશુઓની સારસંભાળ પાછળ થતો ખર્ચ પણ દિનપ્રતિદિન વધી રહ્યો છે. ડેરી ઉદ્યોગના નિષ્ણાંતોના મતે પશુઆહાર બનાવવા માટે વપરાતા કાચા માલ જેવા કે મકાઈ, કપાસીયા ખોળ અને અન્ય અનાજના ભાવ આંતરરાષ્ટ્રીય બજારમાં વધવાને કારણે ડેરીઓએ આ વધારો કરવો પડયો છે. જો કે આ વધારાની સીધી અસર દુધની મોંઘવારી પર પણ પડી શકે તેમ છે. જો પશુપાલકોનો ખર્ચ વધશે તો આગામી સમયમાં ગ્રાહકો માટે દુધના છુટક ભાવમાં ફરી વધારો જોવો પડે તેવી શકયતા નકારી શકાય નહી.

# જેલના સળીયા પાછળથી શૈક્ષણિક ઉડાન : રાજયની વિવિધ જેલના ૪૦ થી વધુ કેદીઓ બોર્ડની પરીક્ષામાં પાસ

પ્રતિનિધિ,ગાંધીનગર

જેલના ઉંચા દરવાજા અને લોખંડના સળીયાઓ પાછળ સામાન્ય રીતે અંધકાર, પસ્તાવો અને એકલતાની કલ્પના ઉભી થાય છે. પરંતુ રાજયના નાયબ મુખ્યમંત્રી ના નેતૃત્વમાં અને રાજયના પોલીસવડા ડો. કે એલ એન રાવ ના માર્ગદર્શન હેઠળ રાજયની જુદી જુદી જેલોમાં શિક્ષણ દ્વારા પુનઃવસનનુ પ્રેરણાદાયક ચિત્ર બહાર આવ્યુ છે.

**જેલની કોટડી બની બંદીવાનો માટે જ્ઞાનની પાઠશાળા : રાજયની જેલમાં રહેતા ૪૪ બંદીવાનો બોર્ડની પરીક્ષામાં ઉતીર્ણ**




ચાલુ વરસે રાજયની વિવિધ જેલોમાં રહેલા કુલ ૪૪ બંદીવાનોએ ધોરણ ૧૦ અને ધોરણ-૧૨ ની બોર્ડની પરીક્ષામાં સફળતા મેળવી છે. જેમાં ધોરણ-૧૦ માં ૨૨ અને ધોરણ-૧૨ માં ૨૨ બંદીવાનો પાસ થયા છે. જેલ પ્રશાસનની મહેનત, માર્ગદર્શન અને માનવીય અભિગમના કારણે બંદીવાનોના અંધકારમય જીવન માટે શિક્ષણથી જ્ઞાનનો પ્રકાશ ફેલાયો છે. જેલ વિભાગ દ્વારા બંદીવાનોને પરીક્ષાના ફોર્મ ભરાવવાથી લઈને પુસ્તકો, અભ્યાસ સામગ્રી અને વિવિધ વિષયોના વર્ગો સુધીની તમામ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. જેલ પરીસરમાં જ બોર્ડ પરીક્ષાના સેન્ટરની વ્યવસ્થા કરાતા બંદીવાનોને અનુકુળ વાતાવરણ મળ્યુ હતું.

જેલ પ્રશાસન દ્વારા બંદીવાનો માટે આધુનિક લાઈબ્રેરીની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. પુસ્તકો ઉપરાંત ઓડીયો બુકની સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી.

પુસ્તકો બંદીવાનોના જીવનમાં સકારાત્મક વિચારસરણી અને આત્મવિશ્વાસ વિકસાવવામાં મદદરૂપ બની રહ્યા છે.

### ખોડલધામ ટ્રસ્ટના ચેરમેન નરેશ પટેલ આગામી વિધાનસભાની ચુંટણીઓમાં ઝંપલાવે તેવી શકયતાઓ પ્રબળ બની

# ખોડલધામ ટ્રસ્ટના ચેરમેન નરેશ પટેલ ૨૦૨૭ માં લેશે વિદાય : ૨૦૨૭ બાદ હું નહી સંભાળુ જવાબદારી પરીવારના કોઈ સભ્ય પણ જવાબદારી નહી સંભાળે

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

રાજકોટમાં યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં નરેશ પટેલે વર્ષ ૨૦૨૭ બાદ પોતાની ભુમિકાને લઈને મહત્વપૂર્ણ નિવેદન આપતા પાટીદાર સમાજ અને સામાજિક વર્તુળોમાં નવી ચર્ચા જગાવી છે. લોકમુખે ચર્ચાઈ રહ્યુ છે કે ખોડલધામ ટ્રસ્ટના ચેરમેન નરેશ પટેલ આગામી ૨૦૨૭ ની વિધાનસભા ચુંટણીઓમાં ભાજપમાં ઉમેદવારી કરે તેવી શકયતાઓ પ્રબળ બની છે.




ખોડલધામ ટ્રસ્ટ ના ચેરમેન તરીકે લાંબા સમયથી સક્રિય રહેલા નરેશ પટેલે સ્પષ્ટ શબ્દોમાં કહયુ હતુ કે તેઓ વર્ષ ૨૦૦૯ થી સતત પ્રવાસ, સમાજ સેવા અને સંગઠનના કાર્યોમાં વ્યસ્ત રહ્યા છે અને હવે ૨૦૨૭ નજીક આવતા કામમાંથી આરામ લેવાની તૈયારી કરી રહ્યા છે. જો કે તેમણે સાથે સાથે એ પણ સ્પષ્ટ કહ્યુ કે આ નિર્ણયને કોઈ રાજકીય સંકેત કે સક્રિયતા છોડવાના અંતિમ નિર્ણય તરીકે જોવો યોગ્ય નહી, તેમની વાતોમાંથી એ સ્પષ્ટ બન્યુ કે તેઓ સંસ્થાકીય જવાબદારીઓમાંથી થોડી રાહત ઈચ્છે છે પરંતુ સામાજિક જીવનથી સંપૂર્ણ દુર થવાની વાત નથી કરતા, પત્રકારોએ જયારે તેમના બાદ ખોડલધામમાં નેતૃત્વ કોણ સંભાળશે તે અંગે સવાલ પુછયો ત્યારે નરેશ પટેલે ખુબ જ સ્પષ્ટ અને સીધી પ્રતિક્રિયા આપી કહયુ કે તેમના પરીવારમાંથી કોઈ વ્યકિત તેમની જગ્યા નહી લે, આ નિવેદનને પાટીદાર સમાજમાં મહત્વપૂર્ણ સંદેશ તરીકે જોવામાં આવી રહ્યો છે. કારણ કે ઘણા સામાજિક અને ધાર્મિક સંગઠનોમાં પરીવારવાદ અંગે ચર્ચાઓ થતી રહેતી હોય છે, તેમણે વધુમાં કહ્યુ કે સંસ્થા વ્યકિતથી મોટી છે અને ખોડલધામ પાસે હવે સક્ષમ ટીમ છે. તેમના શબ્દોમાં સંકેત મળ્યો કે તેઓ આગામી સમયમાં નવી પેઢીને વધુ જવાબદારી સોંપવાની દિશામાં વિચારી રહ્યા છે.

છેલ્લા એક દાયકામાં ખોડલધામે માત્ર ધાર્મિક કેન્દ્ર તરીકે નહી પરંતુ સામાજિક, શૈક્ષણિક અને યુવા વિકાસના અનેક પ્રકલ્પો દ્વારા વિશાળ ઓળખ ઉભી કરી છે. આ સમગ્ર યાત્રામાં નરેશ પટેલનુ નેતૃત્વ કેન્દ્ર સ્થાને રહ્યુ છે. ૨૦૨૭ બાદ તેમની નવી ભુમિકા શું રહેશે તે અંગે પુછાયેલા પ્રશ્નના જવાબમાં નરેશ પટેલે ધાર્મિક ભાવના સાથે જવાબ આપી કહ્યુ હતુ કે માતાજીની ઈચ્છા હશે તે થશે, આ ટુંકા જવાબે રાજકીય અને સામાજિક બંને વર્તુળોમાં અટકળોને વેગ આપ્યો છે. છેલ્લા કેટલાક વરસોથી નરેશ પટેલના રાજકારણમાં પ્રવેશ અંગે સમાંયતરે ચર્ચાઓ થતી રહી છે. જો કે તેઓ અનેક પ્રસંગોએ જાહેરમાં કહી ચુકયા છે કે ખોડલધામના મંચ પરથી રાજકારણમાં થવુ જોઈએ નહી. પત્રકાર પરીષદ દરમિયાન સુરત ખાતે બીજા ખોડલધામ અંગે પણ નરેશ પટેલે નિવેદન આપી જણાવ્યુ હતુ કે લોકોની ધાર્મિક ભાવનાઓને ધ્યાનમાં રાખીને જ આવા નિર્ણયો લેવામાં આવે છે. સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં મોટી સંખ્યામાં પાટીદાર સમાજ વસવાટ કરે છે અને લાંબા સમયથી ત્યાં ધાર્મિક, સામાજિક કેન્દ્ર ઉભુ કરવાની માંગ સમયાંતરે સામે આવતી રહી છે.

હાલમાં ખોડલધામ કાગવડ પાટીદાર સમાજ માટે મહત્વપુર્ણ આસ્થા કેન્દ્ર તરીકે ઉભર્યુ છે. ૨૦૨૭ માં ખોડલધામને ૧૦ વરસ પૂર્ણ થવાના છે અને તે નિમિત્તે ભવ્ય દશાબ્દી મહોત્સવનુ આયોજન પણ કરવામાં આવી રહ્યુ છે. આ કાર્યક્રમ માટે સમગ્ર ગુજરાતમાં રથયાત્રા અને વિવિધ સામાજિક કાર્યક્રમોની તૈયારી ચાલી રહી છે.

# સૂટ સ્પેસ કંપનીના ૪ કરોડના કૌભાંડમાં અરવલ્લી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ અરૂણ પટેલ સહિત ૨ ડાયરેકટરોની ધરપકડ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગાંધીનગરના હાઈટેક ગીફટ સીટી વિસ્તારમાં આવેલી હાઈપ્રોફાઈલ સૂટ સ્પેસ કંપની સામે આખરે છેતરપીંડીનો મસમોટો ગુન્હો દાખલ થયો છે.



ડીઝીટલ યુગમાં રોકાણકારોને આકર્ષક સ્કીમો બતાવી કરોડો રૂપીયા તારવી લેવાને આ રેકેટમાં ગાંધીનગરની ડભોડા પોલીસે મોટી કાર્યવાહી કરી છે. જેમાં અરવલ્લી જિલ્લાના કોંગ્રેસ પ્રમુખ સહિત ૨ આરોપીઓની ધરપકડ કરી છે.

આ હાઈ પ્રોફાઈલ કૌભાંડમાં પોલીસે અરવલ્લી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ અરૂણ પટેલ સહિત ૨ મુખ્ય આરોપીઓની ધરપકડ કરી લેતા રાજકીય અને વેપારી આલમમાં ભારે ખળભળાટ મચી જવા પામ્યો છે. અરૂણ પટેલ આ કંપનીમાં ભાગીદાર હોવાની સાથે ડાયરેકટરનો મહત્વનો હોદ્દો પણ ધરાવતા હતા. મળતી માહિતી મુજબ ગીફટ સીટીમાં કાર્યરત આ કંપની દ્વારા લોકોને ડીઝીટલ ડેટા સ્ટોરેજ એટલે કે ટેરાબાઈટ માં રોકાણ કરવાની લાલચ આપવામાં આવતી હતી, કંપનીમાં મુખ્યત્વે ટેરાબાઈટ વેચાણ અને રેન્ટ મોડલ ચાલતુ હતું. જેમાં રોકાણકારોને એક ટેરાબાઈટ સ્પેસ રૂપીયા ૪૦ હજારમાં વેચવામાં આવતી હતી. આ સ્પેસ વેચ્યા બાદ કંપની પોતે જ રોકાણકારો પાસેથી તે પરત ભાડે રાખતી હતી અને તેના બદલામાં રોકાણકારોને દર મહિને એક ટેરાબાઈટ દીઠ રૂપીયા ૧૫૦૦ ભાડુ આપવાની ખાત્રી અપાતી હતી. ઉંચા વળતરની લાલચમાં આવીને અનેક લોકોએ આ સ્કીમમાં લાખો રૂપીયાનુ આંધળુ રોકાણ કરી દીધુ હતું. રોકાણકારોને વળતર આપવાનુ બંધ કરી દેતા આખરે આ કૌભાંડ બહાર આવ્યુ હતું. શરૂઆતમાં ૧૩ જેટલા ભોગ બનનાર ફરીયાદીઓએ હિંમત દાખવીને ડભોડા પોલીસ મથકમાં સત્તાવાર ફરીયાદ નોંધાવી હતી. પ્રાથમિક તપાસમાં જ લગભગ રૂપીયા ૪ કરોડની મસમોટી છેતરપીંડી થઈ હોવાનો ખુલાસો થયો છે. પોલીસે આ સમગ્ર સ્કીમમાં કંપનીના ડાયરેકટરો અને ભાગીદારો સહિત કુલ ૬ આરોપીઓ વિરૂધ્ધ ગુન્હો દાખલ કર્યો છે. જેમાં અરવલ્લી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ અરૂણ પટેલ સહિત ૨ આરોપીઓની ધરપકડ કરી લેવામાં આવી છે. પોલીસ અધિકારીઓના જણાવ્યા મુજબ આગામી દિવસોમાં ભોગ બનનાર અન્ય રોકાણકારો પણ બહાર આવે તેવી પુરેપુરી શકયતા હોવાથી કૌભાંડનો આંકડો અને ફરીયાદીઓની સંખ્યા હજુ વધી શકે છે. હાલમાં બાકીના ૪ ફરાર આરોપીઓને ઝડપી લેવા માટેના પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.

# પ્રધાનમંત્રી રોજગાર મેળા અંતર્ગત વડોદરામાં રોજગાર મેળાનું આયોજન, ૮૦ નવનિયુક્ત યુવાનોને નિમણૂક પત્રો સોંપવામાં આવ્યા

માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ યુવાનો માટે રોજગાર સર્જન પહેલ અંતર્ગત દેશભરમાં આયોજિત ૧૯મા રોજગાર મેળાનું ઉદ્ઘાટન કર્યું અને વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી વિવિધ સરકારી વિભાગો અને સંઠગનોમાં નવનિયુક્ત યુવાનોને સંબોધિત પણ કર્યા. આ રોજગાર મેળો દેશભરમાં ૪૭ વિવિધ સ્થળોએ એક સાથે આયોજિત કરવામાં આવ્યો જેના અંતર્ગત ૫૧૦૦૦ યુવાનોને નિમણૂક પત્રો વિતરણ કરવામાં આવ્યા. આ જ ક્રમમાં પશ્ચિમ રેલવેના વડોદરા મંડળના વડોદરામાં પ્રતાપનગર ડિવિઝનલ રેલવે ઓડિટોરિયમમાં ૧૯મા રોજગાર મેળાનું આયોજન કરવામાં આવ્યું, જેમાં માનનીય કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી. આર. પાટીલ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા તેમજ માનનીય ધારાસભ્ય શ્રી કેયુરભાઈ નારાયણદાસ રોકડિયાની ગરિમામય ઉપસ્થિતિ રહી. જેના અંતર્ગત રેલવે, બેંક તેમજ લાક (ટપાલ) વિભાગોના કુલ ૮૦ પદો પર યુવાનોને નિમણૂક પત્રો વિતરણ કરવામાં આવ્યા.







વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી નવા નિયુક્ત લોકોને સંબોધિત કરતા, માનનીય પ્રધાનમંત્રીએ કહ્યું કે સરકારી નોકરી સૌથી પહેલા અને સૌથી મહત્વપૂર્ણ સરૂપે લોકોના જીવનને સરળ બનાવવાનું એક માધ્યમ છે. તેમણે દરેક યુવા 'કર્મયોગી'ને આહવાન કર્યું કે તેઓ પોતાના પદને એક જીવંત જવાબદારી તરીકે જુએ, ભારતના લોકોની વધતી આકાંક્ષાઓને સમજે અને તે મુજબ પોતાના કામને ઢાળે. માનનીય પ્રધાનમંત્રીએ ફરી એકવાર પોતાનો સંપૂર્ણ વિશ્વાસ દોહરાવતા કહ્યું કે આ નવા નિયુક્ત કર્મચારીઓ ભારતની વિકાસ યાત્રાને એક નવી ગતિ પ્રદાન કરશે, અને તેમના કામ તથા નિર્ણયોના માધ્યમથી 'વિકસિત ભારત'નો સંકલ્પ ચોક્કસપણે પૂરો થશે. તેમણે નિમણૂક પત્ર મેળવનારા તમામ યુવાનોને તેમના ભવિષ્યની સફર માટે પોતાની હાર્દિક શુભેચ્છાઓ પાઠવી. પોતાના સંબોધનમાં માનનીય પ્રધાનમંત્રીએ નવ નિયુક્ત યુવાનોને પ્રામાણિકતા, સમર્પણ તેમજ પૂર્ણ નિષ્ઠા સાથે કાર્ય કરવા માટે પ્રેરિત કર્યા. તેમણે યુવાનોને પોતાની જવાબદારીઓનું વહન પૂરી લગન અને સત્યનિષ્ઠાથી કરવાનું આહવાન કર્યું.

વડોદરામાં આયોજિત સમારોહમાં અતિથિઓ દ્વારા દીપ પ્રાગટ્યની સાથે કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. વડોદરા મંડળ ડિવિઝનલ રેલવે મેનેજર શ્રી રાજુ ભડકે દ્વારા સ્વાગત પ્રવચન આપવામાં આવ્યું. ત્યારબાદ મુખ્ય અતિથિએ ઉપસ્થિત તમામ લોકોને સંબોધિત કર્યા. આ દરમિયાન માનનીય ધારાસભ્ય શ્રી કેયુરભાઈ નારાયણદાસ રોકડિયા તથા અન્ય સ્થાનિક જનપ્રતિનિધિઓ પણ ઉપસ્થિત હતા. કાર્યક્રમમાં વડોદરા મંડળના શાખા અધિકારીઓ અને રેલવેકર્મીઓ પણ હાજર રહ્યા.

આ પ્રસંગે કેન્દ્રીય જળ શક્તિ મંત્રી શ્રી સી. આર. પાટીલે ઉપસ્થિત યુવાનોને સંબોધિત કરતા કહ્યું કે માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ ભરતી પ્રક્રિયાને વધુ સુગમ, પારદર્શી અને અસરકારક બનાવવામાં આવી છે. અત્યાર સુધીમાં બાર લાખ યુવાનોને નિમણૂક પત્રો એનાયત કરવામાં આવી ચૂક્યા છે. તેમણે યુવાનોને કહ્યું કે આ માત્ર નોકરી નથી, પરંતુ દેશ સેવાની તક છે. પ્રધાનમંત્રીના વિઝનને અનુરૂપ તમામ યુવાનોએ રાષ્ટ્ર નિર્માણમાં પોતાની મહત્વપૂર્ણ ભૂમિકા ભજવવી જોઈએ. તેમણે કહ્યું કે જળ શક્તિ મંત્રાલય પણ વિકસિત ભારતના નિર્માણમાં નિરંતર યોગદાન આપી રહ્યું છે તથા "હર ઘર જલ" અભિયાન અંતર્ગત કરોડો ઘરો સુધી પીવાનું પાણી પહોંચાડવાનું કાર્ય કરવામાં આવ્યું છે.

કાર્યક્રમમાં બેંક ઓફ બરોડાના ઝોનલ હેડ શ્રી વિનય કુમાર રાઠી તથા ટપાલ વિભાગના નાયબ અધીક્ષક શ્રી ટી. એન. મલિક પણ માનનીય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા અને તેમણે પણ યુવાનોને નિમણૂક પત્રો વિતરણ કર્યા.

રોજગાર મેળો ભારત સરકારની એક મહત્વપૂર્ણ પહેલ છે, જેના માધ્યમથી દેશભરના વિવિધ મંત્રાલયો અને વિભાગોમાં યુવાનોને રોજગારીની તકો પૂરી પાડવામાં આવી રહી છે.

કાર્યક્રમના અંતે વડોદરા મંડળના વરિષ્ઠ મંડળ કાર્મિક અધિકારી શ્રી અવિનાશ કુમાર દ્વારા તમામનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો. ૧૯મા રોજગાર મેળામાં પશ્ચિમ રેલવે અંતર્ગત વડોદરા મંડળ ઉપરાંત અમદાવાદ અને રાજકોટ મંડળમાં પણ નવનિયુક્ત કર્મચારીઓને નિમણૂક પત્રો વિતરણ કરવામાં આવ્યા.

કાર્યક્રમના સફળ આયોજન બદલ વડોદરા મંડળ રેલવે મેનેજર શ્રી રાજુ ભડકેએ વરિષ્ઠ મંડળ કાર્મિક અધિકારી શ્રી અવિનાશ કુમાર તથા આ મહત્વપૂર્ણ આયોજનમાં અહેમ ભૂમિકા ભજવનાર વિવિધ વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ અને કર્મચારીઓને અભિનંદન પાઠવ્યા.

### ૧.૬૬ કરોડની ચોરીના કેસમાં નવો વળાંક

# મહિલા આરોપીનો પોલીસ પર સોનું-રૂપિયા પડાવ્યાનો આક્ષેપ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદ શહેરના નિકોલ વિસ્તારમાં આવેલા જાણીતા અભૂષણ ગોલ્ડ એન્ડ સિલ્વર શોરૂમમાંથી થોડા દિવસો પહેલા માર્કેટિંગ એક્ઝિક્યુટિવ તરીકે ફરજ બજાવતી હર્ષિદા શેટ્ટી નામની મહિલા કર્મચારી રૂ. ૧.૬૬ કરોડના સોનાના દાગીના ચોરીને રફુચક્કર થઈ ગઈ હતી. આરોપી મહિલાની ધરપકડ બાદ હવે સેલ્સગર્લ હર્ષિદાએ પોલીસની કામગીરી પર ગંભીર સવાલો ઉઠાવ્યા છે. મહિલાના આક્ષેપ બાદ સમગ્ર મામલે કોર્ટ સુધી પહોંચ્યો છે, ત્યારે કોર્ટે નિકોલ પોલીસ અને અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની ટીમને નોટિસ ફટકારી કોર્ટમાં હાજર થવા ફરમાન કર્યું છે. આરોપી મહિલાએ પોલીસ સામે ગંભીર આક્ષેપો કર્યા હતા. વકીલ મારફતે આરોપી હર્ષિદાએ કોર્ટમાં રજૂઆત કરી હતી કે, પોલીસની ધરપકડની કામગીરી દરમિયાન સર્વોચ્ચ અદાલતની ગાઈડલાઈનનું પાલન કરવામાં આવ્યું નથી અને મહિલાઓની ધરપકડના નિયમોનું ઉલ્લંઘન કરવામાં આવ્યું હતું. તેમજ મારું શારીરિક ચેકિંગ કરતી વખતે કોઈપણ મહિલા પોલીસકર્મી હાજર ન હતા અને પુરુષ પોલીસકર્મી દ્વારા ચેકિંગ કરાયું હતું, જે કાયદાકીય રીતે ગુનો બને છે. વધુમાં હર્ષિદાએ આક્ષેપ કર્યા હતા કે, પોલીસે સોનું રિકવર કરતી વખતે તેની પાસે રૂ. ૧ લાખ રોકડ પડાવી લીધા હતા. પોલીસની કામગીરી મામલે કોર્ટમાં અરજી કરતાં અમદાવાદ ગ્રામ્ય કોર્ટે પોલીસ પાસે જવાબ માંગ્યો છે. આ મામલે વધુ સુનાવણી હવે સોમવારે(૨૫ મે) થશે. ઉલ્લેખનીય છે કે મહિલા આરોપી અને તેના ભાગીદાર પુરુષ આરોપી મયુર માળીને પોલીસે ઝડપી પાડ્યા છે. તે પૈકી મહિલા આરોપીના રિમાન્ડ પૂર્ણ થઈ ચૂક્યા છે, જયારે મયુર માળી ૨૫ મે સુધી રિમાન્ડ ઉપર છે.

આરોપીઓ પાસેથી ૮૦૦ ગ્રામ જેટલું સોનું રિકવર કરવાનું બાકી છે. મયુર માળીએ બાકીનું સોનુ ઉદેપુરથી ૪૦ કિલોમીટર દૂર બઠેડા ગામમાં દાટ્યું હોવાનું જણાવ્યું હતું. પોલીસ તેને લઈને ઉદેપુર તપાસ કરવા જવાની હતી.

જો કે આરોપી મહિલાને પુરુષ મિત્રે જ દગો આપીને મોટાભાગના દાગીના લઈને ફરાર થઈ ગયો હતો. જયારે મહિલા આરોપી પોતાની પાસેના કેટલાક દાગીના વેચવા માણેકચોક ખાતે આવી હતી, જ્યાં ક્રાઈમ બ્રાન્ચ તેને આશરે ૨૨ લાખના ઘરેણા સાથે ઝડપી પાડી હતી. નિકોલમાં અનમોલ સર્કલ પાસે ગ્રેવિટી શોપિંગ મોલમાં આવેલા આ શોરૂમના માલિક દર્શનભાઈ જૈને નોંધાવેલી ફરિયાદ મુજબ, શનિવારે(૯ મે) બપોરે ૨ વાગ્યે તેઓ જમવા માટે ઘરે ગયા હતા. આ દરમિયાન શોરૂમમાં મેનેજર અને અન્ય ૧૯ જેટલા કર્મચારીઓ હાજર હતા. સાંજે ૫ વાગ્યે જ્યારે માલિક પરત આવ્યા ત્યારે સ્ટાફે અમુક દાગીના ગાયબ હોવાની જાણ કરી હતી.

તપાસ દરમિયાન જાણવા મળ્યું કે, સેલ્સગર્લ તરીકે કામ કરતી હર્ષિદાબહેન રાજેન્દ્રભાઈ શેટ્ટી કોઈને કહ્યા વગર શોરૂમમાંથી નીકળી ગઈ હતી અને તેનો ફોન પણ સ્વિચ ઓફ આવતો હતો. શોરૂમના સીસીટીવી ફૂટેજ ચેક કરતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી. વીડિયોમાં હર્ષિદાબહેન પોતાની પાછળ રહેલા કબાટમાંથી સોનાના ઘરેણાં કાઢીને પોતાના કપડાંના ગજવામાં છુપાવતા સ્પષ્ટ દેખાઈ હતી. ત્યારબાદ તે ઉપરના માળે સ્ટોરરૂમમાં જઈ પોતાની બેગ લઈને શોરૂમની બહાર નીકળી ગઈ હતી. સમગ્ર મામલે ફરિયાદના આધારે પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

# સાંતેજમાં આવેલી વેક્સ ફેક્ટરી બળીને ખાખ, એકનું મોત થયું: ફાયર વિભાગે ૧૨ લાખ લિટર પાણીનો મારો ચલાવ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)કલોલ

સાંતેજ વિસ્તારમાં આવેલી ફેથ નામની વેક્સ બનાવતી કંપનીમાં ભીષણ આગ લાગતા સમગ્ર વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી. આગ એટલી વિકરાળ બની હતી કે તંત્ર દ્વારા તાત્કાલિક 'મેજર કોલ' જાહેર કરવામાં આવ્યો હતો. ફાયર વિભાગે ૧૨ લાખ લિટર પાણી અને ૨૦૦ લિટર ફોમની મદદથી આગ પર કાબૂ મેળવ્યો હતો. આગના પગલે કંપનીમાં રહેલો મુદ્દામાલ બળી જતાં કરોડોનું નુકસાન પહોંચ્યું છે. જ્યારે ત્યાં કામ કરતો એક કર્મચારી પણ મોતને ભેટ્યો હોવાના સમાચાર પ્રાપ્ત થયા છે. ૨૨ મે, ૨૦૨૬ના રોજ સાંજે આશરે ૪ વાગ્યે કલોલના સાંતેજમાં આવેલી ફેથ નામની વેક્સ બનાવતી કંપનીમાં આગ લાગી હતી અને આજે વહેલી સવારે લગભગ ૫ વાગ્યે આગ પર કાબૂ મેળવી શકાયો હતો. આગ લાગી તે સમયે આગના ધુમાડાના ગોટેગોટા દૂર દૂર સુધી દેખાતા લોકોમાં ભયનો માહોલ ફેલાયો હતો. આગની જાણ થતાં જ કલોલ, ગાંધીનગર, અમદાવાદ, કડી, **ONGC,** ઈફકો, અરવિંદ મિલ અને સાણંદ સહિતના વિસ્તારોમાંથી ૧૮ જેટલા ફાયર ફાઈટરો ઘટના સ્થળે દોડી આવ્યા હતા. અંદાજે ૧૪૦ જેટલા ફાયર ઓફિસર, સબ ફાયર ઓફિસર અને ફાયર જવાનો દ્વારા કલાકો સુધી અંદાજે ૧૨ લાખ લિટર પાણી અને ૨૦૦ લિટર ફોમનો ઉપયોગ કરી આગ બુઝાવવામાં સફળતા મળી હતી. આ ઘટનામાં કંપનીમાં કામ કરતા એક કર્મચારીનું કરૂણ મોત થયું હોવાનું સામે આવ્યું છે. આગ ભડકતા કર્મચારી સમયસર બહાર નીકળી શક્યો નહોતો, જેના કારણે તેનું મોત થયું હતું. ઉપરાંત ત્રણ જેટલા કર્મચારીઓ દાઝી જતા તેમને સારવાર માટે અમદાવાદની અસારવા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આગની ગંભીરતાને જોતા સાંતેજ પોલીસનો મોટો કાફલો પણ ઘટના સ્થળે તહેનાત કરવામાં આવ્યો હતો. પોલીસે સમગ્ર વિસ્તાર કોર્ડન કરી લોકોને સુરક્ષિત અંતરે ખસેડ્યા હતા.

**નામ બદલેલ છે**

અમો એ અમારુ નામ ઠાકરડા અમૃતજી બલદેવજી થી નામ બદલી ઠાકોર અમૃતજી બલદેવજી કરેલ છે. રહે. ૨૪૦/ડી/૫૮, ન્યુ રેલવે કોલોની, જવાહર ચોક, સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫

### સુરેન્દ્રનગરનો યુવક બન્યો કોકરોચ પાર્ટીનો માલિક

# ઓનલાઈન રજિસ્ટ્રેશન ધ્વારા કાયદેસરનું રજિસ્ટ્રેશન અને ટ્રેડમાર્ક ગુજરાતી યુવકના નામે


(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

૧૫ મે ૨૦૨૬ ના રોજ નકલી ડીગ્રી સંબંધિત એક કેસની સુનાવણી દરમિયાન એક અતિ ટિપ્પણી કરવામાં આવી હતી. કેટલાક લોકો કોકરોચની જેમ સિસ્ટમમાં ઘૂસી જાય છે તે પ્રકારની ટિપ્પણી કરવામાં આવી હતી. ત્યારબાદ ૧૬ મે ના રોજ જો બધા કોકરોચ એક સાથે આવી જાય તો શું થાય તે પ્રકારની સોશિયલ મીડિયા ઉપર પોસ્ટ કરવામાં આવી હતી. અને જોત જોતામાં યુવા વર્ગ આ ટ્રેન્ડીંગ તરફ વળી ગયો હતો.

ત્યારે હવે અત્યાર સુધી સોશિયલ મીડિયા ઉપર જ આ ટ્રેડ ચાલતો હતો. પરંતુ સુરેન્દ્રનગરના યુવક દ્વારા આ અંગે કોકરોચ પાર્ટી રાજકીય પાર્ટી બને તે માટેના પ્રયત્નો પણ હાથ ધરવામાં આવ્યા હતા. જે આધારે પોલિટિકલ પાર્ટીમાં ટ્રેડ માર્ક કરવામાં આવ્યું હતું. અને તેની એપ્લિકેશન સુરેન્દ્રનગરના યુવક આદમભાઈ જામ દ્વારા કરવામાં આવી હતી. અને આ અંગે પેટન ડિઝાઈન અને ટ્રેડમાર્ક માટે કંટ્રોલર જનરલના કાર્યાલય ઉદ્યોગ અને આંતરિક વેપારના પ્રમોશન માટેના વિભાગમાં ઓનલાઈન અરજી કરવામાં આવી હતી. અને આ અંગે સુરેન્દ્રનગરના અજીમ નામના યુવકને રજીસ્ટ્રેશન બાદ કોકરોચ પાર્ટીનું ટ્રેડમાર્ક મળ્યું છે અને તેની ફાળવણી કરવામાં આવી છે.

આમ કોકરોચ જનતા પાર્ટીનું રજીસ્ટ્રેશન હવે થઈ ગયું છે અને રાજકીય પાર્ટી તરીકે પણ હવે આ પાર્ટી ગણી શકાય. રજીસ્ટ્રેશન દરમ્યાન ૪૫ નંબરનો ક્રમાંક પસંદ કરવાનો હોય છે. હાલના તબક્કામાં આ રજીસ્ટ્રેશન અને ચિન્હ પાસ કરવામાં આવ્યું છે. અને તમામ ઓનલાઈન પ્રોસેસ પૂર્ણ કરતા ત્યારબાદ ટ્રેડમાર્ક પણ ફાળવી દેવામાં આવ્યો છે. એટલે સુરેન્દ્રનગરનો યુવક આ પાર્ટીના ટ્રેડમાર્ક નો માલિક બન્યો છે.

## મંત્રીનો બળાપો: ધારાસભ્યો બદલીઓ સિવાય કોઈ કામ લઈને આવતા નથી: એક-એક ધારાસભ્ય મંગળવારે ૫ જેટલી બદલીઓ લઈને આવે છે ત્યારે શું અમારે બદલીઓના જ કામ કરવાના હોય: મંત્રી સ્વરૂપજી ઠાકોર



પ્રતિનિધિ,ગાંધીનગર

ભુપેન્દ્ર પટેલની સરકારના મંત્રીએ ધારાસભ્યો સામે જાણે બંડ પોકાર્યો હોય તેમ મંત્રીએ મીડીયા સાથેની વાતચીતમાં કહ્યુ હતુ કે મંત્રીઓ પાસે માત્રને માત્ર ધારાસભ્યો બદલીઓના જ કામો લઈને આવે છે. ધારાસભ્યો ગમે તેવા કામો લઈને આવે, તમારી પાસે મંત્રી પદ છે અને ધારાસભ્યો પણ તમારી પાર્ટીના છે. ત્યારે આ ધારાસભ્યો શું અધિકારીઓ પાસે બદલીના કામ માટે જશે તેવા સવાલના જવાબમાં મંત્રી સ્વરૂપજી ઠાકોરે કહ્યુ હતુ કે મારા કામ થાય એટલે બસ ? ધારાસભ્યોના કામો થાય કે ન થાય તેમાં મને કોઈ રસ નથી, વાવ-થરાદ જિલ્લાના મારા કામ થાય છે, અન્યના કામ થાય કે ન થાય તેમાં મને કંઈ રસ નથી, ત્યારે સવાલ એ ઉઠી રહ્યો છે કે ધારાસભ્યોએ ચુંટાયેલા પ્રતિનિધિ છે. જયારે મંત્રીઓએ સમગ્ર ગુજરાત સરકારના મંત્રીઓ છે, મંત્રીઓ જયારે શપથવિધિના કાર્યક્રમમાં શપથ લે છે ત્યારે કોઈ ભેદભાવ ન રાખવાના શપથ લેતા હોય છે, ત્યારે મંત્રી સ્વરૂપજી ઠાકોરે વિચારૂ જોઈએ કે સરકારમાં બેઠા બાદ રાજયની ૫ કરોડ જનતાના મંત્રી તરીકે બેઠેલા છે, તેમાં કોઈ ધારાસભ્ય કે સામાન્ય નાગરીક કામ લઈને આવે તે કામ કરવુ જોઈએ.

મંત્રીઓ અધિકારીઓને બોલાવી બદલીઓ માટે દબાણ કરાવે તે ચાલે ? જયારે કોઈ ધારાસભ્ય કે અન્ય મુલાકાતી બદલીના કામ માટે આવે ત્યારે મંત્રીઓ દ્વારા હાથ અધ્ધર કરી દેવા પાછળનુ કારણ શું ? શું મંત્રીઓ જ બદલીઓ કરાવી શકે ? ધારાસભ્યો કે સામાન્ય પ્રજા બદલી માટે મંત્રીઓની મુલાકાત કરી શકતુ નથી ? લોકમુખે ચર્ચાયેલ મુજબ મોટાભાગના મંત્રીઓ જાણે સેવાના નામે વ્યવસાય કર્યો હોય તેમ ખુલ્લેઆમ દલાલો મારફતે મંત્રીઓ બદલીઓના નામે કટકી ઉઘરાવી કામ કરી રહ્યા છે.

જો સરકારમાં પારદર્શક વહિવટની કામગીરી ચાલતી હોય તો મંત્રીઓ મીડીયાથી દુર કેમ ભાગી રહ્યા છે તે એક મોટો સવાલ ઉઠી રહ્યો છે. ભ્રષ્ટાચાર મામલે ભુપેન્દ્ર પટેલની સરકારના કેટલાક મંત્રીઓ મીડીયા સામે આવવા તૈયાર નથી તેનુ કારણ શું તે એક મોટો સવાલ ઉઠી રહ્યો છે.

## જયોર્જિયા થી અમદાવાદ આવવા નિકળેલો વિદ્યાર્થી ગાયબ: રૂમમેટે પિતાને વોટસએપ મેસેજ કર્યો: અમે ધ્વનિતને મારી નાખીશું




પ્રતિનિધિ,ગાંધીનગર

પોતાના સંતનને ડોકટર બનાવવાના સપના સાથે માતા પિતા સંતાનને વિદેશ તો મોકલી દે છે પણ કયારેક વિદેશમાં વિપરીત પરિસ્થિતિ આવી પડતા એ જ સંતાનો માટે માતા પિતા મુશ્કેલીમાં મુકાય છે.

અમદાવાદમાં પણ એક પરીવાર પોતાના દિકરાની ભાળ મેળવવા આમ તેમ ભટકી રહ્યો છે. ડોકટરના અભ્યાસ માટે દિકરો યુરોપના જયોર્જિયા ગયો હતો, પણ ત્યાં તેના રૂમમેટ સાથે થયેલી તકરાર બાદ યુવાન ગાયબ છે. તેનો ફોન સ્વીચઓફ છે અને અમદાવાદમાં રહેતો યુવાનનો પરીવાર ચિંતામાં છે. આ પરીવાર દિકરાની ભાળ મેળવવા ભારત અને ગુજરાત સરકાર પાસે મદદની ગુહાર લગાવી રહ્યો છે. અમદાવાદના ઓઢવમાં રહેતા ડોકટર મયુર રાજદીપનો દિકરો ધ્વનિત રાજદીપ મેડીકલના અભ્યાસ માટે યુરોપના જયોર્જિયા ગયો હતો, આમ તો ધ્વનિત ત્યાં ૨ વરસથી અભ્યાસ કરે છે અને હવે તેનો અભ્યાસ પૂર્ણ થવા પર જ છે, પરંતુ ગઈ ૧૪ તારીખથી ધ્વનિતનો ફોન સ્વીચ ઓફ આવી રહ્યો છે. તેના પિતા સતત તેનો સંપર્ક કરવાનો પ્રયાસ કરે છે. પણ તેઓને દિકરાનો સંપર્ક થઈ શકતો નથી. વાત એમ છે કે ૪ વરસ અગાઉ ધ્વનિત પરમાર યુક્રેન અભ્યાસ માટે ગયો હતો. યુક્રેનમાં યુદ્ધનો માહોલ થતા ધ્વનિત અભ્યાસ માટે ૨ વરસથી જયોર્જિયા શીફ્ટ થયો છે. પાછલા કેટલાક દિવસથી પીજી માં રહેતા ધ્વનિતને તેના રૂમમેટ દ્વારા સતત હેરેસમેન્ટ કરાતો હતો. જેથી પરીવારે દિકરાને ભારત પરત આવવા વ્યવસ્થા કરી હતી, જેથી ધ્વનિત એરપોર્ટ જવા નિકળ્યા બાદ તેનો ફોન સ્વીચ ઓફ આવતા પરીવાર ચિંતિત બન્યો છે. ૧૦ દિવસથી પરીવારને દિકરાની કોઈ ભાળ નહી મળતા ચિંતા વધી છે. હેરેસમેન્ટ કરી રહેલા લોકોએ ધ્વનિતના પિતાને અમે ધ્વનિતને મારી નાખીશુ, તેવા વોટસએપ મેસેજ કર્યા છે. જેથી ધ્વનિતનો પરીવાર વધુ ચિંતામાં મુકાયો છે. હાલ ધ્વનિતના પિતાએ ઈન્ડીયન એમ્બેસી, સાંસદ શોભનાબેન બારૈયા અને સાંસદ દિનેશ મકવાણાને રજુઆત કરી છે અને ઝડપથી દિકરાની ભાળ મળે તેવી ભારત અને ગુજરાત સરકાર સમક્ષ મદદની ગુહાર લગાવી છે. ધ્વનિતના પિતા મયુરભાઈએ જણાવ્યુ હતુ કે મને મારો દિકરો સલામત જોઈએ છે, તેમનો બીજો દિકરો જે કેનેડા રહે છે તે પણ હાલ જયોર્જિયા પહોચ્યો છે અને તેના ભાઈ મિસિંગ છે. તેના પોસ્ટર જગ્યાએ જગ્યાએ લગાવી રહ્યો છે. જયોર્જિયા પોલીસ તરફથી કોઈ સહકાર મળી રહ્યો નથી, મહત્વનુ છે કે શું એરપોર્ટ જવા નિકળ્યા બાદ ધ્વનિત કયાં ગાયબ થયો, શું તેને કોઈએ બંધક બનાવ્યો છે કે કેમ તેવા અનેક સવાલો ઉઠી રહ્યા છે.

## મોરબી જિલ્લા પંચાયત ભલે ભાજપે કબ્જે કરી હોય પરંતુ ભાજપની સત્તા હોવા છતાં કોંગ્રેસના ગીતાબેન દુબરીયા પ્રમુખ તરીકે બિનહરીફ ચુંટાયા

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

મોરબી જિલ્લા પંચાયતના પ્રમુખની વરણીમાં એક ખુબ જ રસપ્રદ અને રાજકીય ગરમાવો લાવી દે તેવા સમાચારો બહાર આવ્યા છે. જિલ્લા પંચાયતમાં ભાજપ બહુમતી સાથે સત્તા પર આવ્યુ હોવા છતાં પ્રમુખ પદનુ સુકાન કોંગ્રેસના વિજેતા ઉમેદવારના હાથમાં ગયુ છે. નેકનામ બેઠક પરથી ચુંટાયેલા કોંગ્રેસના મહિલા આગેવાન ગીતાબેન દુબરીયા મોરબી જિલ્લા પંચાયતના પ્રમુખ તરીકે બિનહરીફ ચુંટાઈ આવ્યા છે.

મોરબી જિલ્લા પંચાયતના પ્રમુખની આ બેઠક ટ્રાઈબલ (આદિવાસી) માટે અનામત રાખવામાં આવી હતી. આ પ્રતિષ્ઠાભરી નેકનામ બેઠક પરથી ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી ત્રણેય પક્ષોએ પોતાના મજબુત ઉમેદવારો મેદાનમાં ઉતાર્યા હતા. આ ત્રિપાંખીયા જંગમાં સ્થાનિક સમીકરણોને આધારે કોંગ્રેસના ઉમેદવાર ગીતાબેન દુબરીયા ભવ્ય વિજેતા બન્યા હતા. સામાન્ય રીતે જિલ્લા પંચાયતમાં જે પક્ષની સત્તા હોય તેના જ પ્રમુખ બનતા હોય છે. પરંતુ અહીં રસપ્રદ સ્થિતિ એ સર્જાઈ છે કે જિલ્લા પંચાયતમાં ભાજપની સત્તા હોવા છતાં, પ્રમુખ પદ માટેની અનામત બેઠકના માપદંડમાં કોંગ્રેસના વિજેતા ઉમેદવાર ગીતાબેન દુબરીયા ફીટ બેસતા હતા. સામે પક્ષે અન્ય કોઈ મજબુત દાવેદારી ન રહેતા આખરે ગીતાબેન દુબરીયાની બિનહરીફ વરણી કરવામાં આવી હતી.

આ અણધાર્યા રાજકીય વળાંકને કારણે મોરબીના રાજકારણમાં ભારે ચર્ચા જાગી છે. ભાજપ શાસિત જિલ્લા પંચાયતમાં હવે કોંગ્રેસના પ્રમુખ કઈ રીતે વહિવટ ચલાવે છે અને વિકાસ કાર્યોને આગળ વધારે છે તેના પર સૌની નજર રહેશે.



## છોટા ઉદેપુરમાં હાઈવોલ્ટેજ ડ્રામા : આમ આદમી પાર્ટીના ૩ સભ્યોના કથિત અપહરણ વચ્ચે તાલુકા પંચાયત પર ભાજપનો કબ્જો

પ્રતિનિધિ,ગાંધીનગર

છોટા ઉદેપુર તાલુકા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખની ચુંટણી ભારે હંગામેદાર અને વિવાદાસ્પદ રહી હતી. પોલીટેકનીક કોલેજ કેમ્પસમાં આવેલી તાલુકા પંચાયત કચેરી ખાતે મતદાન કરવા પહોચેલા આમ આદમી પાર્ટીના ૩ સભ્યોને પોલીસની હાજરીમાં જ બુકાનીધારીઓ ઉઠાવી ગયા હોવાનો સળગતો આક્ષેપ આમ આદમી પાર્ટી દ્વારા કરવામાં આવ્યો હતો. આ ઘટનાને પગલે કોલેજના ગેટે આમ આદમી પાર્ટીના કાર્યકરોએ ભારે હોબાળો મચાવ્યો હતો અને તંત્ર સામે આક્રોશ વ્યકત કર્યો હતો. જો કે આ તમામ આક્ષેપો અને વિવાદો વચ્ચે યોજાયેલી ચુંટણીમાં ભાજપે વિજય મેળવીને તાલુકા પંચાયત પર ભગવો લહેરાવ્યો હતો. છોટા ઉદેપુર તાલુકા પંચાયતમાં સત્તાનુ ગણિત ખુબ જ રસપ્રદ હતું. છોટા ઉદેપુર તાલુકા પંચાયતમાં કુલ બેઠકોમાંથી આમ આદમી પાર્ટી ૧૩ સભ્યો અને ભારતીય જનતા પાર્ટીના ૧૩ સભ્યો હતા. બંને પક્ષો પાસે સરખા સભ્યો હોવાથી પ્રમુખ પદની ચુંટણીમાં ભારે રસાકસી જામી હતી. આમ આદમી પાર્ટીના તમામ ૧૩ સભ્યો જયારે મતદાન કરવા માટે કેમ્પસમાં પહોચ્યા ત્યારે સમગ્ર વિવાદની શરૂઆત થઈ હતી.

આમ આદમી પાર્ટીના ચુંટાયેલા સદસ્યોએ ગંભીર આક્ષેપ કરતા જણાવ્યુ હતુ કે તાલુકા પંચાયત કેમ્પસમાં ૧૦ થી ૧૨ બુકાની ધારી અસામાજિક તત્વો પહેલેથી જ હાજર હતા. આમ આદમી પાર્ટીના સભ્યો જેવા ત્યાં પહોચ્યા કે તરત જ આ બુકાની ધારીઓએ તેમના પર હુમલો કર્યો હતો. અન્ય સભ્યોને માર મારીને તેમાંથી ૩ સભ્યોને બળજબરીપૂર્વક ખાનગી વાહનોમાં બેસાડીને ઉઠાવી ગયા હતા. આ ઘટનાને પગલે કેમ્પસમાં નાસભાગ મચી ગઈ હતી. આમ આદમી પાર્ટીના નેતાઓ અને ભોગ બનનારના પરીવારોએ આક્રોશ સાથે જણાવ્યુ હતુ કે જયારે આ ઘટના બની ત્યારે પોલીસ ત્યાં હાજર હતી, પરંતુ પોલીસે સભ્યોને બચાવવાનો કોઈ પ્રયાસ કર્યો ન હતો. સત્તાધારી પક્ષ ભાજપે સત્તાના જોરે સામ-દામ-દંડ-ભેદ ની નીતિ અપનાવીને પોલીસની મીલીભગતથી લોકશાહીનુ ખનન કર્યુ છે. ભોગ બનનાર પરીવારોએ પોલીસ સમક્ષ તેમના સભ્યોને તાત્કાલીક હાજર કરવાની ઉગ્ર માંગ કરી હતી.




તો બીજી તરફ ભારતીય જનતા પાર્ટીએ આમ આદમી પાર્ટી દ્વારા લગાવવામાં આવેલા તમામ આક્ષેપોને પાયાવિહોણા ગણાવીને નકારી કાઢયા હતા. આ રાજકીય ધમસાણ અને હાઈવોલ્ટેજ ડ્રામા વચ્ચે જ તાલુકા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખની ચુંટણી પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી હતી. જેમાં ભાજપનો વિજય થયો હતો. પ્રમુખ તરીકે રમેશભાઈ રાઠવા ચુંટાયા હતા. જયારે ઉપપ્રમુખ તરીકે સુરજીભાઈ રાઠવા વિજેતા બન્યા હતા. હાલમાં આ ઘટનાને પગલે સ્થાનિક રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો છે અને કાયદો વ્યવસ્થાની સ્થિતિ તેમજ તંત્રની કામગીરી પર અનેક સવાલો ઉઠી રહ્યા છે.

## સુરત મહાનગરપાલિકા કર્મચારી મહામંડળનાં આગેવાનોનો સન્માન સમારંભ



(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

સુરત મહાનગરપાલિકા કર્મચારી મહામંડળનાં નવા વરાયેલા હોદ્દેદારો પ્રમુખ ભાઈલાલ બી. વૈષ્ણવ, ઉપપ્રમુખ કિરીટભાઈ વાઘેલા, મહામંત્રી મોહંમદ ઈકબાલ શેખ, મંત્રી હરીશભાઈ રાઠોડનો સન્માન સમારંભ તા.૨૩/૦૫/૨૦૨૬ નાં રોજ ગુજરાત પ્રદેશ મહાનગરપાલિકા કર્મચારી કોંગ્રેસ ધ્વારા કર્મચારી યુનિયન આગેવાનો ધ્વારા યુનિયન અગ્રણી જયંતિભાઈ વાઘેલાનાં પ્રમુખ સ્થાને યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમની શરૂઆત અખિલ ભારતીય સફાઈ મઝદૂર કોંગ્રેસ નાં પ્રદેશ પ્રમુખ શશિકાંત સોલંકીએ સ્વાગત પ્રવચન કર્યું હતું. સમારંભમાં ઉપસ્થિત યુનિયન આગેવાનો અને હોદ્દેદારો સવશ્રી મોહનભાઈ રાઠોડ,અર્જુન વિરાસ, કનૈયાભાઈ સોલંકી, રણજીત પટેલ, સુભાષ સોલંકી, સુરેશ સોલંકી, અતુલ સોલંકી, મહેન્દ્ર જાદવ, નીલાંગ દેસાઈ, જયસિંગભાઈ ગોહિલ,પ્રવીણ સોલંકી, નિતિન સોલંકી વિગેરેએ હાજર રહી નવા વરાયેલા હોદ્દેદારોને શુભેચ્છા પાઠવી ફૂલહારથી સન્માન કર્યું હતું. પ્રમુખ સ્થાનેથી જયંતિભાઈ વાઘેલાએ તમામ યુનિયનોને ભેગા થઈને મહામંડળ ધ્વારા આંદોલનાત્મક કાર્યક્રમોમાં જોડાવવા માટે આહવાન આપ્યું હતું. મહામંડળનાં પ્રમુખ ભાઈલાલ બી. વૈષ્ણવે આજની પરિસ્થિતીમાં તમામ આગેવાનો અને કર્મચારીઓને ખભેખભા મિલાવી કામગીરી કરવા અનુરોધ કર્યો હતો. મહામંત્રી મોહંમદ ઈકબાલ શેખે યુનિયનોની ૭૦ વર્ષની પ્રવૃત્તિઓનો ચિતાર રજૂ કર્યો હતો. કાર્યક્રમનાં અંતમા ગુજરાત પ્રદેશ મહાનગરપાલિકા કર્મચારી કોંગસનાં પ્રમુખ કનૈયાલાલ સોલંકીએ આભાર વિધિ કરી હતી.

## ૨૦ લાખ રૂપિયા લીટરે વેચાતું ઉંદરડીનું દૂધ, જે વિશ્વનું સૌથી મોંઘું દૂધ છે

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

આપણા રોજિંદા જીવનમાં વપરાતા દૂધની સામાન્ય રીતે કિંમત લિટર દીઠ રૂપિયા ૬૦ થી ૧૦૦ રૂપિયાની આસપાસ હોય છે. પરંતુ શું તમે ક્યારેય એવા દૂધ વિશે સાંભળ્યું છે કે જેની કિંમત લાખો રૂપિયામાં હોય? ઉંદરડીનું દૂધ વિશ્વનું સૌથી મોંઘુ દૂધ માનવામાં આવે છે. જેની આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમત અંદાજે ૨૦ થી ૨૩ લાખ રૂપિયા પ્રતિ લીટર સુધી હોઈ શકે છે. ઉંદરડીનું દૂધ આટલુ મોંઘુ હોવા પાછળનું એક કારણ એ છે કે એક લિટર દૂધ ભેગું કરવા માટે હજારો ઉંદરડીની જરૂર પડે છે. સંશોધકોના મતે આશરે ૪૦,૦૦૦/- ઉંદરડી પાસેથી દૂધ મેળવ્યા બાદ માંડ એક લીટર જેટલો જથ્થો ભેગો થાય છે. આ પ્રક્રિયા માત્ર મહેનત માંગી લે એવી જ નથી. ટેકનિકલી પણ અત્યંત અઘરી છે. આ દૂધનો ઉપયોગ સામાન્ય ખાવા-પીવામાં નહીં પરંતુ મેડિકલ રિસર્ચમાં કરવામાં આવે છે. ખાસ કરીને દવાઓ અને રસીઓના પરીક્ષણ માટે ઉંદરડીના દૂધની ડિમાન્ડ રહે છે. વૈજ્ઞાનિકોના મતે ઉંદરના દૂધમાં રહેલા પ્રોટીન અને અન્ય તત્વો માનવ દૂધ્ધછ સાથે કેટલુક સામ્ય ધરાવતા હોવાથી એ સંશોધનમાં ખૂબ ઉપયોગી સાબિત થાય છે. બોલો છે ને અજીબ તેરી ગજબ કહાની જેવી આ વાત.

## અરવિંદ કેજરીવાલ આજથી ગુજરાતના ૩ દિવસના પ્રવાસે: રાજપીપળામાં કરશે રોડ શો



પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં નર્મદા જિલ્લા પંચાયત પર આમ આદમી પાર્ટીએ સ્પષ્ટ બહુમતી સાથે ભવ્ય જીત હાંસલ કરી છે અને જિલ્લા પંચાયત કબ્જે કરી છે, આ ઐતિહાસિક વિજય બાદ પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ આજે તારીખ ૨૪ મે રવિવારથી ગુજરાતના ૩ દિવસના પ્રવાસે આવી રહ્યા છે.

આગામી ૨૦૨૭ ની વિધાનસભા ચુંટણી માટે ગુજરાતમાં આમ આદમી પાર્ટીનો પાયો વધુ મજબુત કરવા અરવિંદ કેજરીવાલનો આ પ્રવાસ ઘણો મહત્વનો માનવામાં આવે છે.

તેમના ૩ દિવસના કાર્યક્રમની રૂપરેખા તરફ નજર કરીએ તો પ્રવાસના પ્રથમ દિવસે અરવિંદ કેજરીવાલ ગુજરાતમાં આમ આદમી પાર્ટીના પદાધિકારીઓ સાથે મહત્વની બેઠક યોજશે, જયારે બીજા દિવસે ૨૫ મે સોમવારે નર્મદા જિલ્લા પંચાયતની જીતની ઉજવણીના ભાગરૂપે અરવિંદ કેજરીવાલ નર્મદા જિલ્લાના રાજપીપળામાં એક ભવ્ય રોડ શો યોજી સભા યોજે તેવુ સુત્રો ધ્વારા જાણવા મળી રહ્યુ છે. તો બીજી તરફ ૨૬ મે મંગળવારે પ્રવાસના અંતિમ દિવસે અરવિંદ કેજરીવાલ ગુજરાતમાં જ રોકાશે અને પાર્ટીના નેતાઓ સાથે આગામી વિધાનસભાની ચુંટણીઓને લઈ ભાવી રણનીતી અંગે વિસ્તૃત ચર્ચા કરશે, આ ઉપરાંત આજે રવિવારના રોજ પણ ભાવી રણનીતીને લઈને ચર્ચા કરવામાં આવશે,

નોંધનીય છે કે ગુજરાતમાં તાજેતરમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં ભલે આમ આદમી પાર્ટીને મહાનગરપાલિકાઓમાં ધારી સફળતા મળી ન હોય પરંતુ રાજયની ૩૪ જિલ્લા પંચાયતમાંથી એક માત્ર નર્મદા જિલ્લા પંચાયત પર તેઓ કબ્જો જમાવવામાં સફળ રહ્યા છે. માત્ર જિલ્લા પંચાયત જ નહી પરંતુ અન્ય સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓમાં પણ આમ આદમી પાર્ટીએ નોંધપાત્ર બેઠકો પર વિજય મેળવ્યો છે.

આ પરીણામોથી ઉત્સાહિત થઈને, હવે આમ આદમી પાર્ટીએ આગામી ૨૦૨૭ ની વિધાનસભા ચુંટણીને ધ્યાનમાં રાખીને પોતાની રણનીતી ઘડવાની શરૂઆત કરી દીધી છે. અરવિંદ કેજરીવાલની આ મુલાકાત અને પદાધિકારીઓ સાથેની બેઠકો એ જ દિશામાં લેવાયેલુ એક મોટુ રણનીતીક પગલુ છે.

## જનતાને લુંટી રહી છે સરકાર : પેટ્રોલ-ડીઝલના ભાવ વધારા પર કોંગ્રેસના આકરા પ્રહાર

### સરકારને ફકત ઓઈલ કંપનીઓના નફાની ચિંતા છે પરંતુ જનતાની ચિંતા નથી

પ્રતિનિધિ,ગાંધીનગર

આજે ૨૩ મે ફરી પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો થયો છે. ઓઈલ કંપનીઓએ છેલ્લા ૯-૧૦ દિવસમાં આ ત્રીજી વખત ભાવવધારો કર્યો છે. જે બાદ હવે કોંગ્રેસ પાર્ટીએ મોદી સરકાર પર આકરા પ્રહારો કર્યા છે.

કોંગ્રેસે આરોપ લગાવ્યો છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સામાન્ય લોકો પર મોંઘવારીનો ભાર નાખી રહ્યા છે. વડાપ્રધાન મોદીને માત્ર ઓઈલ કંપનીઓના નફાની જ ચિંતા છે પ્રજાની ચિંતા નથી,

કોંગ્રેસે સોશીયલ મીડીયા પ્લેટફોર્મ એકસ પર પોસ્ટ કરીને લખ્યુ છે કે મોંઘવારી મેન, મોદીએ છેલ્લા ૯ દિવસમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ૫ રૂપીયા વધારી દીધા છે. આજે ૨૩ મે એ ફરી પેટ્રોલ ૯૪ પૈસા અને ડીઝલ ૯૫ પૈસા મોંઘુ કરી દીધુ છે. કોંગ્રેસે આરોપ લગાવ્યો છે કે પીએમ મોદીને ફકત ઓઈલ કંપનીઓના ફાયદાની જ ચિંતા છે, એક તરફ આખા વિશ્વની સરકારો પોતાની જનતાને રાહત આપી રહી છે, એવામાં મોદી સરકાર જનતાને જ લુંટવામાં લાગેલી છે. કયારેક તો જનતાના ભલા માટે વિચારો, કયાં સુધી બિઝનેસમેનને ફાયદો કરાવતા રહેશો ? કોંગ્રેસને આ પ્રતિક્રિયા એવા સમયે આવી છે જયારે દેશમાં આજે શનિવારે ફરી પેટ્રોલ ડીઝલની કિંમતો વધારી દીધી છે. મીડલ ઈસ્ટમાં તણાવ વચ્ચે ૧૦ દિવસમાં ત્રીજી વખત વધારો થયો છે. પેટ્રોલ અને ડીઝલની કિંમતોમાં છેલ્લા ૧૦ દિવસની અંદર જ ૫ રૂપીયા લીટરનો વધારો થઈ ચુકયો છે.




આજના ભાવવધારા સાથે ગુજરાતના વિવિધ શહેરોમાં પણ પેટ્રોલ-ડીઝલની કિંમતોમાં વધારો જોવા મળ્યો છે. અમદાવાદમાં આજે પેટ્રોલની કિંમત ૯૯.૨૩ રૂપીયા છે, જયારે ડીઝલની કિંમત ૯૫.૧૩ રૂપીયાના સ્તરે પહોચી ગઈ છે, જયારે રાજકોટમાં પેટ્રોલની કિંમત ૯૯.૫૬ પ્રતિ લીટર અને ડીઝલ ૯૫.૫૦ પ્રતિ લીટર છે. જયારે સુરતમાં પ્રતિલીટર પેટ્રોલ ૯૯.૧૧ અને ડીઝલ ૯૫.૦૩ રૂપીયા છે.